સુવિચાર
શ્રેષ્ઠ લક્ષ્ય હોય એને ગઈકાલ અને આજમાં નહી પણ પોતાની આવતી કાલમાં રસ હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૫/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૩૧

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફેક્ચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ
મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલટન્ટ ઓર્થોપેડીક, જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફેક્ચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેક્ચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
NCT NETRA CHIKITSA TRUST
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## પાલિકાનાં ચીફ ઓફિસરે બિલ્ડર પિનાકિનભાઈ ચિતલીયાને નોટિસ પાઠવી

# અમરેલીનાં રોયલ પેરેડાઈઝ બિલ્ડીંગનું અનઅધિકૃત બાંધકામ દૂર કરાશે ?

**જાગૃત નાગરિક રાજેશભાઈ મહેતાની છેલ્લા ર વર્ષથી સતત રજૂઆત બાદ હવે તંત્રએ કામગીરીની ગતિ વધારી**

**માત્ર બે માળની મંજૂરી હોવા છતાં પણ ૬ માળ જેટલું બાંધકામ કર્યુ હોય સ્વૈચ્છાએ હટાવી લેવા તાકીદ**

**આગામી ર દિવસમાં નોટિસની મુદ્દત પૂર્ણ થતી હોવાથી ગમે તે ઘડીએ પાલિકા જેસીબી ફેરવશે કે કેમ તેના પર સૌની નજર**

**શહેરનાં ઈતિહાસમાં સૌથી મોટું બાંધકામ તદ્દન ગેરકાયદેસર બન્યું હોય સમગ્ર શહેરીજનોની નજર મંડાયેલી છે**



અમરેલી, તા. ૧૭
અમરેલી પાલિકાનાં શાસકોએ શહેરમાં ઉભા થયેલ ગેરકાયદેસર કાચા દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી છે. તેવા જ સમયે શહેરનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં છેલ્લા એક દાયકાથી ર માળ ની મંજૂરી હોવા છતાં પણ ૬ માળનું અનઅધિકૃત બાંધકામ કરી, ફાયર સેફટી, પાર્કિંગ જેવા નિયમોનો ઉલાળીયો કરીને બનાવાયેલ રોયલ પેરેડાઈઝ બિલ્ડીંગને તોડી પાઠવા માટે પાલિકા શાસકોએ બિલ્ડર પીનાકીનભાઈ ચિતલીયાને નોટિસ આપી છે. તેનો સમય આગામી કલાકોમાં પૂર્ણ થતો હોય મહાકાય બિલ્ડીંગનાં ગેરકાયદેસર બાંધકામને તોડી પડાશે કે કેમ તેનાં પર સૌની

અનુસંધાન પાના ૬ ઉપર

## પોલીસની ફલેગમાર્ચ, દબાણનું સર્વે સહિત કામગીરી પૂર્ણ થયા બાદ

# અમરેલીમાં આગામી અઠવાડીયે પાલિકાનાં શાસકો દ્વારા દબાણ હટાવ ઝૂંબેશ શરૂ કરાશે

**જો કે અનેક દબાણકર્તાઓ સ્વૈચ્છાએ દબાણ હટાવી પણ રહૃાા છે**

અમરેલી, તા. ૧૭
અમરેલી શહેરમાં ગત અઠવાડીયે અમરેલી પાલિકા ધ્વારા દબાણ હટાવ ઝૂંબેશ હાથ ધરવા માટે થઈ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાયા બાદ શહેરીજનોમાં દબાણ હાટવને લઈ ભારે ફફડાટ ફેલાયો છે. ત્યારે શહેરમાં મુખ્ય માર્ગો ઉપર વેપારીઓ ધ્વારા સ્વૈચ્છાએ છાપરા, કેબીન હટાવી રહૃાાં છે. ત્યારે અમરેલી પાલિકા ધ્વારા આગામી તા. ૨૩-૨૪નાં રોજ શહેરમાં દબાણ હટાવ ઝૂંબેશ હાથ ધરવામાં આવશે તેમ પાલિકા ધ્વારા ટેલીફોનીક મુલાકાતમાં જણાવ્યું હતું.

અમરેલી પાલિકાનાં કાયમી ચીફ ઓફિસર પટેલ ૧૫ દિવસની રજા ઉપર ઉતરી ગયા હોય હાલ ઝાલને ચીફ ઓફિસર તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો છે. આજે ચીફ ઓફિસર તથા પોલીસ અધિકારી સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં આગામી તા. ૨૩-૨૪નાં રોજ યોજાનાર દબાણ હટાવ ઝૂંબેશ માટે કાયદો અને વ્યવસ્થા બાબતે ચર્ચાઓ પણ કરવામાં આવી હતી.

દબાણ હટાવ ઝૂંબેશ પૂર્વે આવતી કાલથી અમરેલી શહેરમાં સતત બે દિવસ સુધી સર્વે કરવામાં આવશે જેમાં પાલિકા તથા અન્ય કચેરીનાં કર્મચારીઓ જોડાશે તથા તા. ૨૧-૨૨ નાં રોજ અમરેલી શહેરમાં પોલીસ ધ્વારા ફલેગમાર્ચ ગોઠવવામાં આવશે. જયારે તા. ૨૩-૨૪નાં રોજ દબાણ હટાવની કામગીરી હાથ ધરવામાં આવશે અને જો બે દિવસમાં કામગીરી પૂર્ણ ન થાય તો દબાણ હટાવનાં દિવસો વધારી દેવામાં આવશે તેમ પાલિકાનાં ટાઉન અધિકારી રાડીયાએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાલિકા ધ્વારા ૩ ટીમ બનાવવામાં આવેલ છે જે શહેરમાં અલગ અલગ સ્થળો ઉપર નિયત તારીખે ડિમોલેશન કામગીરી હાથ ધરશે.

Sheetal

નવા રૂપરંગ, સુવિધાથી સજ્જ....
• પંજાબી - સાઉથ ઈન્ડીયન ફૂડ • સેન્ડવીચ • સ્નેક્સ
• આઈસ્ક્રીમ • થીક શેઈક • જ્યુસ તેમજ ઘણુ બધું...
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00
આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...



મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.

નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

શ્રીજી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત
ગાયત્રી ગુરૂકૃપા શૈક્ષણિક સંકુલ
નવા અભ્યાસક્રમોનો પ્રારંભ
પ્રવેશ કાર્ય શરૂ છે.
✦ M.S.W. ✦ B.C.A. ✦ M.A.(Engalish)
ઉપર મુજબના નવા અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ૨૦% સ્કોલરશીપનો લાભ મેળવો
✦B.A. ✦B.COM. ✦B.ed ✦L.L.B
અમરેલી-લાઠી હાઈવે, મું.લાઠી,જી.અમરેલી
સંપર્ક મો.૭૫૭૫૮૦૭૩૫૧/૫૨/૫૩

■ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
■ દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
■ મેટલ અને સીરામીક ફિકસ દાંત
■ પેઢાની સફાઈ તથા સર્જરી
■ ચોગઠા બનાવવા
■ ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
■ વાકાચુકા દાંતની સારવાર
ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો દુરૂપયોગ થતાં સરપંચ લાલઘુમ

# લૂંટો ભાઈ લૂંટો : વડિયામાં જાહેર માર્ગ બનાવવામાં દે ધનાધન

જનતા જનાર્દન પેટે પાટા બાંધીને સરકારી તિજોરી છલકાવે અને તેમાંથી ભ્રષ્ટાચારીઓ ઘર ભરવાનાં ધંધા કરે તે યોગ્ય નથી

ગામ પંચાયતથી ઢુંઢીયા પીપળીયા નાકા સુધીનો માર્ગ બનાવવામાં ગેરરીતિ થતી હોય કોન્ટ્રાકટર સામે રોષ

આંગણવાડી નજીક હલ્કી ગુણવત્તાનાં પાઈપ પણ લગાવ્યાનું સરપંચનાં ધ્યાને આવ્યું

જનપ્રતિનિધિ જનતાનું હિત ઈચ્છે તો જ ભ્રષ્ટાચારી એજન્સી બેઈમાની કરતાં ડર અનુભવે







અમરેલી, તા. ૧૭

એક તરફ દેશમાં કાળઝાળ મોંઘવારી વધી રહી છે. દેશમાં અંદાજિત ૧૦૦ કરોડ જનતા કરકસર કરીનેબેટંકનું ભોજન અને તેમના રોજબરોજનો ખર્ચ કાઢી રહી છે અને તેમાં પણ સરકારની તિજોરી પેટે પાટા બાંધીને ભરી રહી છે અને તે નાણાનાં એક–એક પૈસાનો સદઉપયોગ થાય તે જોવાની જવાબદારી જનપ્રતિનિધિઓ, અધિકારીઓની હોય છે. પરંતુ અમુક જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ જ તેમની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે અને આવા જ એક જનપ્રતિનિધિ તરીકે વડિયાનાં સરપંચ મનિષભાઈ ઢોલરીયા છે. જેઓ ભ્રષ્ટાચારથી નારાજ બન્યા છે.

વડિયા ગ્રામ પંચાયતથી ઢુંઢીયા પીપળીયા નાકા સુધીનો આરસીસી રોડ મંજૂર થતાં હાલ કામગીરી શરૂ હોય. ત્યારે જ વડિયા ગ્રામ પંચાયતનાં સરપંચે સારી કામગીરી કરજો એવું કહીને ગયા હતા. બાદમાં ઓચિંતા વિઝીટ કરતાં કામગીરીમાં લોલમલોલ હોય એવું જાણવા મળતા સ્થળ પર કોન્ટ્રાકટરને રીતસર ઉધડો લીધો હતો.


આંગણવાડી પાસે સારો પાઈપ નાખવાની સુચનાઓ આપી હતી ત્યારે હલકી ગુણવત્તા વાળો પાઈપ નાખતા સરપંચ લાલઘુમ થયા બાદમાં સ્થળ પર એસઓ સહિતનાં અધિકારીઓએ ચાલતી પકડી હતી.

---

### ઈન્ચાર્જ સેશન્સ જજનો આદેશ

## અમરેલીનાં એરપોર્ટની દીવાલનાં કામમાં બનાવટી લેટરનાં કેસમાં આરોપી જામીન મુકત

**બચાવપક્ષે એડવોકેટ અજય પંડયાની દલીલો સફળ રહી**



અમરેલી, તા. ૧૭

અમરેલી એરપોર્ટની દીવાલ ઊંચી કરવા માટે કાર્યપાલક ઈજનેર દ્વારા મેસર્સ એસ. એમ. શેલડીયા કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો.

આ કામ માટે કંપની દ્વારા ઈજારદાર દેવેન્દ્ર સાવલિયાને કામ માટે ઓથોરિટી પત્ર આપેલ હોય અને પ્રોફિટના ૧૫ ટકા હિસ્સો આપવાનું નક્કી થયેલ હોય આ કામ ટાઈમ લિમિટમાં પૂરૂં ન થતા સરકાર દ્વારા દિવસના ૦.૧ લેખે ૧૫૧૩૯૯૦ વસુલવા હુકમ કરેલ. જેથી આરોપીને આર્થિક નુકસાન થતું હોય તેઓ દ્વારા સમય મર્યાદા વધારવા દરખાસ્ત કરેલ. જે અનુસંધાને તેઓએ કંપનીને થયેલ દંડની રકમ પાછી મેળવવા ઉપસચિવની બોગસ સહીવાળો પત્ર ઉભો કરી ઉપસચિવની સહી કરી પત્ર રજૂ કરતા આ સહીને પત્ર બોગસ જણાતા કાર્યપાલક ઈજનેર દ્વારા ફરિયાદ કરેલ જે ગુનામાં આરોપી દેવેન્દ્ર સાવલિયા ને અટક કરી જેલ હવાલે કરેલ.

જેની જામીન અરજ નામ સેસન્સ જજ સાહેબ સમક્ષ રજુ થતા નામ. ઈન્ચાર્જ સેસન્સ જજ ભાવસારે આરોપીના વિદ્વાન વકીલ અજય પંડયાની દલીલોને ધ્યાને લઈ આરોપીને રૂપિયા ૫૦૦૦૦ના જામીન ઉપર મુકત કરવા હુકમ કરેલ છે.

---

### ઉના : ગીર સોમનાથ એસ.ઓ.જી.એ ચોરી કરેલ બાઈક સાથે એક ઈસમને ઝડપી લીધો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૭

ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજાએ મિલ્કત સંબધીત બનતા ગુન્હાઓ અટકાવવા અને બનેલ ગુન્હાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય, જે અનુસંધાને એલ.સી.બી.ના પો.ઈન્સ. એ.એસ. ચાવડાના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. વી.કે. ઝાલા તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પો.હેડ કોન્સ. પ્રફુલભાઈ વાઢેર, પ્રવિણભાઈ મોરી, રાજુભાઈ ગઢીયા તથા જયરાજસિંહ ગોહિલનાઓએ હ્યુમન સોર્સીસ આધારે નીચે જણાવેલ ઈસમને ઉના તાલુકાના રેવદ ગામેથી પકડી પાડી જેની પાસેથી કાળા કલરની રજી.નંબર જીજે–૩૨–ઈ–૮૪૯૪ કિ.રૂા.૧૫,૦૦૦/– એક મોટર સાયકલ કબ્જે કરી આ મોટર સાયકલના આધાર પુરાવા માંગતા તેની પાસે ન હોય અને આ મોટર સાયકલ ચોરી થયેલ હોવાનું જણાય આવતા બીજલભાઈ મેણસીભાઈ સોલંકી કોળી (ઉ.વ. ૨૫) રહે. રેવદ, તા. ઉના, જી. ગીરસોમનાથવાળા વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ હતી.

---

### સાવરકુંડલા નજીક આવેલ

## વીજપડી, મઢડા અને મોદા ગામે ફરી કમૌસમી વરસાદ શરૂ થયો

**અમરેલી જિલ્લાનો કેડો કમૌસમી વરસાદ છોડતો નથી**





અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં કોઈને કોઈ જગ્યાએ કમૌસમી વરસાદ પડતો હોય, અમરેલી જિલ્લાનાં કેડો છોડતો ન હોય ત્યારે આજે સાંજનાં સમયે સાવરકુંડલા પથંકનાં ગ્રામ્ય વિસ્તારોમાં કમૌસમી વરસાદ પડયાનાં અહેવાલો મળી રહયાં છે. સાવરકુંડલા તાલુકાનાં વિજપડી, મઢડા તથા મોદા ગામે સાંજનાં સમયે જોરદાર પવન સાથે કમૌસમી વરસાદ પડયો હતો. જેને લઈ ગામમાં પાણી વહેતા થયા હતા.

સાવરકુંડલા પથંકમાં ટુંકા ગાળાનાં વિરામ બાદ ફરી કમૌસમી વરસાદ પડયો હતો.

---

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનનાં અપહરણ–પોકસો કેસનાં આરોપી ઝડપાયા

**ખાનગી બાતમીનાં આધારે આરોપીની અટકાયત**



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. જે.કે. મોરી તથા પો.સબ.ઈન્સ. વાય.પી. ગોહિલની જરૂરી સુચના અન્વયે તેઓના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.ની સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સીસ તેમજ ખાનગી બાતમી આધારે આરોપીને ગણતરીની કલાકોમાં શોધી કાઢવામાં સફળતા મેળવેલ છે. ગુનાની વિગત સાવરકુંડલા પો.સ્ટે. એ પાર્ટ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨) (એફ)(જે) (એન) તથા પોકસો એકટ કલમ ૪,૬,૮, ૧૦ મુજબનો ગુનો તા. ૧૬/૦૫/૨૦૨૩નાં રજી. કરવામાં આવેલ. આ કામની ફરિયાદ હકીકત એવી છે કે આ કામના આરોપીએ ફરિયાદીની સગીરવયની દીકરી(ભોગ બનનાર) ઉ.વ. ૧૭ વર્ષ ૯ માસવાળી કે જે આરોપીની કુટુંબી બહેન થતી હોય તેમ છતાં ભોગ બનનારને ફરિયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી લલચાવી ફોસલાવી છેલ્લા ચારેક વર્ષથી બદકામ કરવાના ઈરાદે ભોળવી બળજબરીથી અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજારતા ભોગ બનનારે બાળ કને જન્મ આપતા આરોપી શૈલેષભાઈ કેશુભાઈ વાળા કૃષ્ણગઢ તા. સાવરકુંડલાની અટકાયત કરેલ છે. આ કામગીરી સા.કુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનાં સર્વેલન્સ ટીમના અના. હે.કો. યુવરાજસિંહ સરવૈયા તથા મહમદહુસેન મકવાણા તથા પીસી ભાવેશભાઈ ગઢવી તથા કુલદીપસિંહ જાડેજા તથા જયપાલસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવેલ છે.

---

### લાઠી : આરોગ્ય વિભાગનાં નાયબ નિયામકનું આગમન



લાઠી, તા. ૧૭

લાઠી ખાતે આજરોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ભાવનગરના વિભાગીય નાયબ નિયામક ડો. એમ જે ફેન્સીએ લાઠી તાલુકાની આરોગ્ય સંસ્થાઓની મુલાકાત લીધી હતી.


જેમાં ઝરખીયા અને મતીરાળા ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં માળખાગત સુવિધાઓ, રાષ્ટ્રીય કાર્યક્રમોનું અમલીકરણ, દર્દીઓને આપતી સુવિધાઓ, આસપાસના સેજામાં ગામોમાં ચાલતી આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ, સ્ટાફની તાલીમ અને વહીવટી કામગીરીની સમીક્ષા કરી સંતોષ વ્યકત કર્યો હતો. ઉપરાંત, રાષ્ટ્રિય ગુણવત્તા માપદંડ પ્રમાણપત્ર મેળવવા માટેની તૈયારીઓ કરી રહેલ અધિકારી અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ જન આરોગ્યની જાળવણી માટે સતત પ્રયત્નશીલ આરોગ્ય તંત્રની કામગીરીની પ્રસંશા કરી લોક ભાગીદારી દ્વારા આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બને તે માટે ઉપયોગી સૂચનો કર્યા હતા.

---

### ચુંટણી સમયે આપેલા વચનો પુરા કરતા ધારાસભ્ય મહેશ કસવાળા

## સાવરકુંડલા શહેરમાં જી.આઈ. ડી. સી. સ્થાપવાની સરકારની સૈદ્ધાંતિક મંજુરી

**બાયપાસ રોડ બાદ જી.આઈ.ડી.સી.નાં પ્રશ્નનું પણ થયું નિરાકરણ**



સાવરકુંડલા, તા. ૧૭

ચૂંટણી ટાઈમે દરેક નેતાઓ ધારાસભ્ય બનવા પ્રજાને ઉલ્લુ બનાવવા નતનવા વચનો આપતા હોય પણ ચૂંટાઈ ગયા બાદ પ્રજાને આપેલા વચનો કયારેય યાદ કરતા નથી ત્યારે એકમાત્ર એવા ધારાસભ્ય કે જે સેવાના પ્રધ્યે સાથે રાજકારણ કરીને સેવાની ભાવનાઓ ઉજાગર કરવાનું બીડું ઝડપ્યું છે તેવા મૂળ આદસંગના વતની એવા પૂર્વ ધારાસભ્ય ભગવાન બાપા પટેલના પૌત્ર અને સાવરકુંડલા – લીલિયા વિધાનસભા બેઠકમાં ભાજપે ચૂંટણી લડવા અમદાવાદથી સાવરકુંડલા બેઠક પર પસંદગી કરી ત્યારે ચૂંટણી સમયે વચનો આપવામાં મહેશભાઈ કસવાલાએ વર્ષોથી પાયાનો પ્રશ્ન હોય તો તે જી.આઈ.ડી.સી.નો હતો ને દરેક ચુંટણીઓમાં ઉમેદવારો જી.આઈ.ડી.સી.ની લોલીપોપ આપીને જનતાને ગુંમરાહ કરનારા અત્યાર સુધીનાં જીતેલા ધારાસભ્યોએ લોલીપોપ જ આપી હતી. પણ નામના ખાતર નહિ પણ કામ ને માનનારા કોઈ ચૂંટાયેલા જનતા પ્રતિનિધિ મળ્યા તો તે પ્રથમ મળ્યા એમ લખવામાં અતિશયોક્તિ ભર્યું નથી કેમ કે ચૂંટણી સમયે સાવરકુંડલા શહેરનો પ્રાણ પ્રશ્ન બાયપાસ રોડ છેલા ૧૫ વર્ષથી અધ્ધરતાલ લટકતો હતો તે અંગે તાકીદે યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાનો મહેશભાઈ કસવાળાને ફાળે જાય છે જયારે દેશભરમાં વજન કાંટા માટે એકમાત્ર સાવરકુંડલામાં જ કાંટા બનતા હતા ને લોખંડના દરેક પાટર્સથી લઈને મજૂરી સુધી ૩૦ હજાર લોકોને રોજગારી પૂરી પાડતો એકમાત્ર ઉધોગએ કાંટા ઉધોગ છે ને દરેક ચૂંટણીઓમાં કાંટા ઉધોગ માટે જી.આઈ.ડી.સી.ની લોલીપોપ આપવામાં આવતી પણ મહેશભાઈ કસવાળા ચૂંટણી લડવા આવ્યા ત્યારે એકમાત્ર શબ્દો હતા કે કસવાળા કમાવવા માટે ધારાસભ્યની ચૂંટણી લડવા નથી આવ્યા લોકોની વહારે આવીને લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે ચૂંટણી લડવા આવ્યો છું ને હું વચન આપુ છું કે ૫ વર્ષની એક તક જો સાવરકુંડલા – લીલીયાની જનતા મારા પર વિાસ મૂકશે તે સાર્થક સાબિત કરવા ખંતથી પ્રયત્ન કરીશ. બાયપાસ રોડ શરૂ કરાવીને બોલતી બંધ કરાવી દીધી તો આજે સરકાર દ્વારા ઉધોગ મંત્રી બળવંતસિંહ દ્વારા સાવરકુંડલા માટે જી.આઈ.ડી.સી.ની સૈદ્ધાંતિક મંજૂરી રાજયમંત્રી મંડળની બેઠકમાં નિર્ણય લેવાયો હતોને પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા યુવાનોને રોજગારી મળી રહે તે માટે અમરેલી જિલ્લાના સાવરકુંડલાને પ્રાધાન્ય આપીને એકમાત્ર જી.આઈ.ડી.સી. ની માંગણીઓ લઈને ગાંધીનગર સચિવાલયમાં ધામા નાખીને બેસી રહેતા મહેશભાઈ કસવાળાને જી.આઈ.ડી.સી.ની સૈદ્ધાંતિક મંજૂરી આપીને સરકારના મંત્રી દ્વારા કામ કઢાવવામાં નિષ્ણાત ધારાસભ્ય ગણાવ્યા હતા જી.આઈ.ડી.સી. ની સૈદ્ધાંતિક મંજૂરી મળી જતાં જમીન સંપાદન બાદની પ્રક્રિયાઓ ઝડપી કરાવીને પણ બેં થી ત્રણ વર્ષના ગાળામાં સાવરકુંડલા શહેરમાં જીઆઈડીસી સ્થપાઈ જશે તેમાં કોઈ મીન મેખ નથી ને જી.આઈ.ડી.સી.નું સ્વપ્ન આગામી દિવસોમાં પૂર્ણ થવાની કાંટા ઉદ્યોગની લાગણીઓ સાવરકુંડલા લીલીયા વિસ્તારની જનતાનાં પ્રતિનિધિ તરીકે મહેશભાઈ કસવાળાએ પૂર્ણ કરવાની પહેલથી પોતાની આગવી ઓળખ ઉભી કરી છે તેમાં કોઈ બે મત નથી.

---

### રાજુલા નજીક આવેલ

## કોટડી ગામે પૌત્રીને રમાડવા માટે ગયેલા વૃધ્ધ દાદાને પાઈપ મારી ઈજા

અમરેલી, તા. ૧૭, રાજુલા તાલુકાનાં કોટડી ગામે રહેતા ભગવાનભાઈ ભાણાભાઈ પરમાર નામનાં ૮૦ વર્ષિય વૃધ્ધ પોતાની નાની પૌત્રીને રમાડવા માટે ગામનાં સામાકાંઠે આવેલ ખોડીયાર માતાના મંદિરે ગયેલા. ત્યાં જુની કાતર ગામે રહેતા આરોપી શિવરાજભાઈ સુતા હોય જે જાગી જતાં વૃધ્ધને તુકારો કરી તુ કેવો છે ? તેમ પુછી વૃધ્ધને ગાળો આપી ધોલ–ધપાટ કરી પ્લાસ્ટીકનાં પાઈપ મારી ઈજા કર્યાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.

## ખેડૂતો કપાસ વેચી નાખે પછી ભાવ વધે, ખેડૂતો પાસે કપાસ આવે તો ભાવ ઘટી જાય

# ખેડૂતોનાં ભોગે ભ્રષ્ટ નેતાઓ અને બેઈમાન મુડીવાદીઓ કરે છે જલસા

**ગત વર્ષે ખેડૂતોએ ૧૫૦૦માં કપાસ વેચી નાખ્યો ને ભારત સરકારે નિકાસની છૂટ આપી**

**ચાલું વર્ષે ખેડૂતોને કપાસનો ભાવ ૨૦૦૦ મળવાની આશા હતી તો સરકારે કપાસની આયાત શરૂ કરી**

**મેક ઈન ઈન્ડિયા અને ખેડૂતોની આવક બમણી કરવાની માત્ર ગુલબાંગો જ ફેંકાઈ રહી છે**

**ચલાલાનાં જાગૃત ખેડૂત અશોકસિંહ તલાટીયાએ ભ્રષ્ટ નેતાઓ અને બેઈમાન મુડીવાદીઓ પર કર્યા શાબ્દિક પ્રહારો**


પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૭

ભારત દેશ એ કૃષિપ્રધાન છે. દેશમાં અનાજ સહિતની ખાદ્ય સામગ્રી લોહી-પાણી એક કરીને તૈયાર કરતાં ખેડૂતોને એટલે તો જગતાત કહેવામાં આવે છે. પરંતુ આજે જગતનું પેટ ભરનાર ખેડૂતને પોતાના પરિવારનું પેટ ભરવું મુશ્કેલ બની રહ્યું છે. કારણ કે ખેત પેદાશોને તૈયાર કરવામાં ખર્ચ વધી રહ્યો છે અને તેનું વેચાણ કરે તો પુરતા પ્રમાણમાં નફો મળતો ન હોય દેશનાં કરોડો ખેડૂતો જાયે તો જાયે કહા તેવી સ્થિતિમાં આવી ચુકયા છે.

ચલાલાનાં જાગૃત ખેડૂત અશોકસિંહ તલાટીયાએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ગઈ સાલ ખેડૂતોએ કપાસ રૂા. ૧૫૦૦માં વેચ્યો અને જેવો બધો કપાસ વેપારીઓ પાસે ગયો એટલે ભારત સરકારે સીધી નિકાસની છૂટ આપી વેપારીઓને રૂપિયા બે હજાર ભાવ મળ્યો એટલે વેપારીઓ ખૂબ કમાયા.

આજ વર્ષે કપાસના બે હજાર થવાની આશામાં ખેડૂતોએ કપાસ ન વેચ્યો તો સરકારે આયાતની છૂટ આપી વિદેશમાંથી કપાસ મંગાવ્યો.

પણ પેટે પાટા બાંધીને કાળી મજૂરી કરી રાષ્ટ્રની જનતાને અનાજ, ફળ, શાકભાજી તથા દૂધ પુરૂ પાડી અને દેશનાં અર્થતંત્રને ઊંચું લાવનાર ખેડૂતોની કાળી મજૂરી અને લોહી, પરસેવાનાં ભોગે ધનપતીઓ અને લાંચીયા નેતાઓ તથા તેઓ પરિવાર તાગડધિન્ના કરે છે કયાં છે એ મતના સોદાગરો જે ખેડૂતોનાં દીકરા બની મત લઈ ગયાતેમ અંતમાં જણાવેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# ગ્રામ્ય વિસ્તારની તરૂણી સાથે શરીર સબંધ બાંધી ગર્ભ રાખી દીધો

**ભોગ બનનારે બાળકને જન્મ આપતા નોંધાઈ ફરિયાદ**

અમરેલી, તા. ૧૭, સાવરકુંડલા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષ ૯ માસની ઉંમર ધરાવતી તરૂણીને આજથી ચારેક વર્ષ સુધી સાવરકુંડલા તાલુકાનાં કૃષ્ણગઢ ગામે રહેતા શૈલેશભાઈ કેશુભાઈ વાળા નામનાં ઈસમે તરૂણીને લલચાવી, ફોસલાવી લઈ જઈ ચારેક વર્ષમાં બળજબરીથી અવારનવાર શરીર સબંધ બાંધી ગર્ભ રાખી દેતા ભોગ બનનારે બાળકને જન્મ આપતા આ બનાવમાં તરૂણીની માતાએ આરોપી સામે ફરિયાદ નોંધાવી છે.

### બાબરા નજીક આવેલ

# ખાખરીયા ગામે નદીના પટ્ટમાં જુગાર રમતા 3 પત્તાપ્રેમીઓ ઝડપાયા : ૨ નાસી ગયા

**જુગારના પટ્ટમાંથી રૂા. ૧૩૧૭૦ની મત્તા કબ્જે લેવાઇ**

અમરેલી, તા. ૧૭

બાબરા તાલુકાના ખાખરીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા દિનેશભાઈ રામજીભાઈ પંચાસરા સહિત ૫ જેટલા ઈસમો ખાખરીયા ગામની સીમમાં નદીનાં પટ્ટમાં હારજીતનો તીપપત્તીનો જુગાર રમતા હોય આ અંગે બાબરા પોલીસને બાતમી મળતા દરોડો પાડી જુગાર રમતા ૩ ઈસમોને ઝડપી લીધા હતા. જયારે ૨ ઈસમો નાશી ગયા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રકમ રૂા. ૧૩૧૭૦ની મત્તા કબ્જે લીધી હતી.

# લીલીયા મોટા : મુસ્કાન શિરમાન નામની વિદ્યાર્થીની CBSE પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ

લીલીયા, તા. ૧૭

લીલીયા મોટા ખાતે રહેતા જાવેદભાઈ શિરમાન કે જેવો ગેરેજના વ્યવસાય સાથે જોડાયેલા છે તેમની દીકરી મુસ્કાન બાળપણથી જ સાચી નિષ્ઠા અને તનત્તોડ મહેનત કરી કંઈક કરી બતાવવાની ખેવના રાખતી હતી જે સાર્થક કરી બતાવ્યું છે ધોરણ ૧ થી લઈ ૬ સુધી લીલીયા ખાતે અભ્યાસ કરેલ ત્યારબાદ આગળનું ભણતર જવાહર નવોદય વિદ્યાલય ભંડારીયા ખાતે પુરૂ કરેલ તાજેતરમાં ધોરણ ૧૨ cbse બોર્ડ માં ૫૦૦ માંથી ૪૭૬ માર્ક મેળવીને ૯૪.૬ ટકા પરીક્ષા પાસ કરી જિલ્લામાં પ્રથમ નંબર મેળવેલ અને તે ધોરણ ૧ થી લઈ અને ૧૨ ધોરણ સુધી હંમેશા પ્રથમ નંબર લઈ સફળતાના



શિખરોસર કરી સ્કૂલ પરીવાર અને લીલીયા ગામનું ગૌરવ વધારેલ છે જે બદલ લીલીયા સુન્ની મુસ્લિમ સમાજ તેમજ આદિલબાપુ સૈયદ અને નાના લીલીયા દાદાબાપુ દરગાહ પરિવાર દ્વારા જાવેદભાઈના પરિવારને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.


એક્ટિવ સર્વિસ પોઈન્ટ
પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીં, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.
કડીયા કામ નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.
RO ફિલ્ટર સર્વિસ
ઈલેકટ્રીક કામ વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ
કલર કામ પુટ્ટી, કલર.
■ AC સર્વિસ ■ સુથારીકામ ■ વેલ્ડિંગકામ ■ ગેસચૂલા
એન્જીનીયરીંગ વર્ક સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.
ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો
જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023
સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪








મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU
• ૧૦૦% ચેલેન્જથી કામ
• હસ્તરેખા, લગ્નમાં વિલંબ
• લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
• મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
• નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
• ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
• એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
• પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
• મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
• શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત
મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
હોન્ડા CD110
કિંમત રૂા. 69,761/-* થી શરૂ
3+3 years warranty
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત

ઓથો.ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.



''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA


જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

### કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી

# કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે સિદ્ધારમૈયા લગભગ નિશ્ચિત

## સિદ્ધારમૈયા આજે સીએમ પદના શપથ ગ્રહણ કરી શકે

બેંગલુરૂ, તા.૧૭

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ સ્પષ્ટ બહુમતી મળી છે. જો કે ચૂંટણી પરિણામના ચાર દિવસ બાદ પણ સરકાર બનાવી શકી નથી. સવાર પડતાં જ ફરી એકવાર ’કર્ણાટકના સીએમ કોણ બનશે તેવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર સિદ્ધારમૈયા કર્ણાટકના સીએમ તરીકે નક્કી કરવામાં આવ્યા છે.

તે આવતીકાલે સીએમ પદના શપથ ગ્રહણ કરી શકે છે. કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણીનું પરિણામો ૧૩ મેના રોજ આવ્યુ હતું. કોંગ્રેસે ચૂંટણીમાં બહુમત સાથે મોટી જીત મેળવી અને ભાજપને સત્તા પરથી હટાવી દીધી હતી. કોંગ્રેસે ચૂંટણી પહેલા મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કર્યો ન હતો. આ સ્થિતિમાં ચૂંટણી બાદ પૂર્વ સીએમ સિદ્ધારમૈયા અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમારે સીએમ પદ માટે દાવો કર્યો હતો. આ પછી હાઈકમાન્ડે બંને નેતાઓને દિલ્હી બોલાવ્યા હતા. ચાર દિવસના મંથન અને વાટાઘાટોના અનેક રાઉન્ડ બાદ પણ નામ પર કોઈ સહમતિ બની શકી નથી.

આ પહેલા ડીકે શિવકુમાર મંગળવારે મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા. આ દરમિયાન તેમણે પાર્ટી નેતૃત્વને સિદ્ધારમૈયાની ખામીઓ દર્શાવી હતી. સૂત્રો અનુસાર શિવકુમારે ખડગેને કહ્યું હતું કે સિદ્ધારમૈયાનો અગાઉનો કાર્યકાળ સારો રહ્યો ન હતો. લિંગાયત સમુદાય પણ તેમની વિરુદ્ધ છે. તેમણે કહ્યું હતું કે, જો સિદ્ધારમૈયાને પહેલા જ સીએમ બનાવી દેવામાં આવ્યા છે તો હવે શા માટે અન્ય કોઈને તક ન મળે. શિવકુમારે ખડગેને કહ્યું હતું કે ૨૦૧૯માં ગઠબંધન તૂટવાનું કારણ પણ સિદ્ધારમૈયા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, મારો મુખ્યમંત્રી બનવાનો સમય આવી ગયો છે અને હાઈકમાન્ડે મને તક આપવી જોઈએ. મેં ૨૦૧૯ પછી પાર્ટીને પુનર્જીવિત કરી. જો પાર્ટી મને મુખ્યમંત્રી પદ આપશે તો હું પ્રદેશ પ્રમુખ તરીકેની જેમ જવાબદારી નિભાવીશ નહીં તો હું માત્ર ધારાસભ્ય રહીશ.

સિદ્ધારમૈયા કર્ણાટકમાં કોંગ્રેસના સૌથી મોટા નેતાઓમાંથી એક છે. શરૂઆતથી જ તેઓ સીએમ પદ માટે ડીકે શિવકુમાર કરતા વધુ મજબૂત દાવેદાર માનવામાં આવતા હતા. સિદ્ધારમૈયાએ તેમની રાજકીય કારકિર્દીમાં ૧૨ ચૂંટણી લડી હતી જેમાંથી તેમણે ૯માં જીત મેળવી હતી. સિદ્ધારમૈયા સીએમ રહી ચૂક્યા છે. આ પહેલા તેઓ ૧૯૯૪માં જનતા દળની સરકારમાં કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી હતા. તેમની વહીવટી પકડ ગણવામાં આવે છે. તેમની સામે ભ્રષ્ટાચારનો કોઈ કેસ પણ નથી. જ્યારે ડીકે શિવકુમાર સામે ઘણા કેસ ચાલી રહ્યા છે. તે જેલમાં પણ ગયા છે.

સિદ્ધારમૈયા અને ડીકે બંને ગાંધી પરિવારના નજીકના માનવામાં આવે છે. મલ્લિકાર્જુન ખડગેએ ૨૦૦૮માં સિદ્ધારમૈયાને જેડીએસમાંથી કોંગ્રેસમાં લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. આ સ્થિતિમાં તેઓ ખડગેની ખૂબ નજીક હોવાનું કહેવાય છે. સિદ્ધારમૈયા ૨૦૧૩થી ૨૦૧૮ સુધી કર્ણાટકના સીએમ હતા. આ દરમિયાન તેણે ટીપુ સુલતાનને કર્ણાટકમાં હીરો તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. આ સ્થિતિમાં મુસ્લિમ સમુદાયમાં તેમનો સારો પ્રભાવ છે. સિદ્ધારમૈયા કુરુબા સમુદાય માંથી આવે છે. તે કર્ણાટકમાં ત્રીજો સૌથી મોટો સમુદાય છે. એટલું જ નહીં સિદ્ધારમૈયાને રાજ્યના સૌથી મોટા ઓબીસી નેતા માનવામાં આવે છે. સિદ્ધારમૈયાને શિવકુમાર કરતા મોટા જન નેતા માનવામાં આવે છે.

### વડાપ્રધાનની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી

# આઈટી હાર્ડવેર સેક્ટર માટે ૧૭ હજાર કરોડની પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમને મંજૂરી

## ખાતર પર સબસિડીની જાહેરાત, ખાતરની કિંમતમાં વધારો નહીં કરાય, સરકાર ખરીફ સિઝનના પાક માટે સબસિડીમાં રૂપિયા ૧ લાખ ૮ હજાર કરોડ ખર્ચ કરશે

નવી દિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં કેબિનેટ દ્વારા ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ પત્રકાર પરિષદમાં બેઠક અંગે માહિતી આપી હતી. કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે મળી હતી. આ બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં આ વર્ષે દેશમાં ૧૦૦ બિલિયન ડોલરનું ઉત્પાદન થયું છે. આ સાથે ગયા વર્ષે ૧૧ અબજ ડોલરના મોબાઈલની રેકોર્ડ નિકાસ થઈ હતી. આઈટી હાર્ડવેર સેક્ટર માટે રૂપિયા ૧૭ હજાર કરોડની પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રિય મંત્રીએ વધુમાં કહ્યું કે આ કાર્યક્રમનો કરોડનું રોકાણ કરવાનો અંદાજ છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે યોજનાથી ૭૫ હજાર લોકોને સીધી રોજગારી મળવાની આશા સમયગાળો ૬ વર્ષનો છે. લેપટોપ, ટેબલેટ, તમામ સાધનોથી સજ્જ પર્સનલ કોમ્પ્યુટર સર્વર વગેરે આઈટી હાર્ડવેર પીએલઆઈ સ્કીમ ૨ હેઠળ આવશે. મંત્રીએ કહ્યું કે આ પ્રોત્સાહક યોજના હેઠળ રૂપિયા ૩.૩૫ લાખ કરોડની આવક અને રૂપિયા ૨,૪૩૦ છે.

ટેલિકોમ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ૪૨ કંપનીઓએ પ્રથમ વર્ષમાં ૯૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું તેના બદલે ૧૬૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. સરકારે ફેબ્રુઆરી ૨૦૨૧માં આઈટી હાર્ડવેર માટે રૂપિયા ૭,૩૫૦ કરોડના ખર્ચ સાથે પ્રથમ પીએલઆઈ યોજનાને મંજૂરી આપી હતી. આમાં લેપટોપ, ટેબ્લેટ્સ, તમામ એક્સેસરીઝ અને સર્વર સાથેના પર્સનલ કમ્પ્યુટર્સનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારે ખાતર પર સબસિડી આપવાની જાહેરાત કરી હતી. આ અંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે દેશમાં ૩૨૫ થી ૩૫૦ લાખ મેટ્રિક ટન યુરિયાનો ઉપયોગ થાય છે. ૧૦૦થી ૧૨૫ લાખ મેટ્રિક ટન ડીએપી અને એનપીકેનો ઉપયોગ થાય છે. ૫૦-૬૦ લાખ મેટ્રિક ટન એમઓપી વપરાય છે. ખેડૂતોને સમયસર ખાતર મળી રહે તે માટે મોદી સરકારે સબસિડી વધારી હતી પરંતુ એમઆરપીમાં વધારો કર્યો ન હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે ખરીફ પાક માટે સરકારે નિર્ણય લીધો છે કે ભારત સરકાર ખાતરની કિંમતમાં વધારો કરશે નહીં. ભારત સરકાર ખરીફ સિઝનના પાક માટે સબસિડીમાં રૂપિયા ૧ લાખ ૮ હજાર કરોડ ખર્ચ કરશે.

### સીબીઆઈનું દિલ્હી-કાશ્મીરમાં ૮ સ્થળોએ ઓપરેશન

# કથિત વીમા કૌભાંડમાં સત્યપાલ મલિકના સહાયકના ઘર પર સર્ચ

જમ્મુ, તા.૧૭

સીબીઆઈએ જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકના એક સહયોગીના ઘર પર દરોડા પાડ્યા છે. સીબીઆઈ કથિત વીમા કૌભાંડમાં સત્યપાલ મલિકના સહાયકના ઘર પર સર્ચ કરી રહી છે. સીબીઆઈએ દિલ્હી અને જમ્મુ-કાશ્મીરમાં આઠ સ્થળોએ ઓપરેશન હાથ ધર્યું હતું . અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે.

આ મામલે સીબીઆઈએ અગાઉ સત્યપાલ મલિકની પૂછપરછ કરી હતી. તેમના પર આરોપ છે કે જ્યારે તેઓ જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ હતા ત્યારે તેમને બે ફાઈલો ક્લિયર કરવા માટે ૩૦૦ કરોડ રૂપિયાની લાંચની ઓફર કરવામાં આવી હતી.

સત્યપાલ મલિકે દાવો કર્યો હતો કે જ્યારે તેઓ જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ હતા ત્યારે તેમને ૩૦૦ કરોડ રૂપિયાની લાંચની ઓફર કરવામાં આવી હતી.

આ ઓફર ’અંબાણી’ અને ’આરએસએસ સાથે સંકળાયેલ વ્યક્તિ’ની બે ફાઈલો ક્લિયર કરવાના બદલામાં કરવાની હતી, પરંતુ તેમણે આ સોદો ફગાવી દીધો હતો.

૧૭ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ રાજસ્થાનના ઝુંઝુનુમાં એક કાર્યક્રમમાં સત્યપાલ મલિકે કહ્યું હતું કે, ’કાશ્મીર ગયા પછી મારી પાસે બે ફાઈલો આવી. એક અંબાણીની ફાઈલ હતી અને બીજી આરએસએસ સંલગ્ન વ્યક્તિની હતી જે અગાઉની મહેબૂબા મુફ્તી-ભાજપ ગઠબંધન સરકારમાં મંત્રી હતા.

તેઓ પીએમ મોદીના પણ ખૂબ નજીક હતા. મને સચિવો દ્વારા જાણ કરવામાં આવી હતી કે કૌભાંડ થયું છે અને પછી મેં બદલામાં બંને સોદા રદ કર્યા. સચિવોએ મને કહ્યું કે બંને ફાઈલો માટે ૧૫૦-૧૫૦ કરોડ રૂપિયા આપવામાં આવશે પરંતુ, મેં તેમને કહ્યું કે હું પાંચ કુર્તા-પાયજામા લઈને આવ્યો છું અને તે જ લઈને જઈશ.

સીબીઆઈએ એપ્રિલ ૨૦૨૨માં અનિલ અંબાણીની રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની (આરજીઆઈસી) અને ચેનાબ વેલી પાવર પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ (સીવીપીપીએલ) ના અધિકારીઓ સામે પણ કેસ નોંધ્યો હતો.

આ સાથે ૧૪ સ્થળોએ સર્ચ પણ કરવામાં આવ્યું હતું.

### IPL ૨૦૨૩ના લીગ તબક્કાનું છેલ્લું અઠવાડિયું શરૂ થઈ ગયું છે

# રોમાંચક મેચમાં લખનૌએ મુંબઈને પાંચ રને હરાવ્યું

## ચૈન્નાઈ, મુંબઈ, પંજાબ, કોલકાતા, રાજસ્થાન, બેંગ્લોર અને લખનૌમાંથી કોઈ પણ ટીમ પ્લેઓફમાં જઈ શકે છે

નવી દિલ્હી, તા.૧૭

IPL ૨૦૨૩ના લીગ તબક્કાનું છેલ્લું અઠવાડિયું શરૂ થઈ ગયું છે અને અત્યાર સુધી માત્ર ટેબલ ટોપર ગુજરાત ટાઈટન્સ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ છે. હજુ ત્રણ ટીમો ક્વોલિફાય થવાની બાકી છે જેના માટે ટીમો વચ્ચે જોરદાર જંગ ચાલી રહ્યો છે. બીજી તરફ મંગળવારે લખનઉ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચે આ પ્લેઓફની રેસને વધુ રસપ્રદ બનાવી દીધી છે.

સુપર જાયન્ટ્સે મુંબઈને ૫ રને હરાવીને સનસનાટી મચાવી દીધી હતી. જણાવી દઈએ કે, હાલ દિલ્હી કેપિટલ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ સિવાયની દરેક ટીમ પ્લેઓફ માટે ક્વોલિફાય કરી શકે છે. હજુ ત્રણ ટીમોએ પ્લેઓફ માટે ક્વોલિફાય કરવાનું બાકી છે, જેના માટે ૭ ટીમો લડી રહી છે. બીજા નંબરની ચેન્નાઈ સુપર કિંગ્સથી લઈને નંબર ૮ પંજાબ કિંગ્સ સુધીની કોઈપણ ત્રણ ટીમો ક્વોલિફાય થઈ શકે છે. ચેન્નાઈ સુપર કિંગ્સે પ્લેઓફ માટે ક્વોલિફાય કરવા માટે તેમની છેલ્લી લીગ મેચમાં દિલ્હી કેપિટલ્સને હરાવવાની જરૂર છે. ક્વોલિફાય થવા માટે લખનૌ સુપર જાયન્ટ્સે તેની છેલ્લી લીગ સ્ટેજની મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવવી પડશે. જો આમ થશે તો KKR પણ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ જશે. પ્લેઓફમાં પ્રવેશવા માટે મુંબઈ ઈન્ડિયન્સને તેની છેલ્લી લીગ મેચમાં વધુ સારા રન રેટ સાથે સનરાઈઝર્સ હૈદરાબાદને હરાવવું પડશે. આનો અર્થ એ થશે કે જો બેંગ્લોર અને પંજાબ તેમની છેલ્લી બે મેચ જીતીને ૧૬ પોઈન્ટ સુધી પહોંચે છે તો તેમનો રન રેટ મુંબઈ કરતા ઓછો રહેશે. બીજી તરફ, જો મુંબઈની સાથે પંજાબ અને બેંગ્લોરને પણ ૧૬ પોઈન્ટ મળે અને બંનેનો રન રેટ મુંબઈ કરતા સારો હોય તો મુંબઈ લખનૌ અને ચેન્નાઈની છેલ્લી મેચ હાર્યા બાદ જ ક્વોલિફાઈ કરી શકશે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તેની બાકીની બંને મેચ જીતવી જરૂરી છે. આ સાથે ઈઝ્મ ૧૬ પોઈન્ટ પર આવી જશે. નોંધનીય છે કે, જો મુંબઈ અને પંજાબ પણ ૧૬ પોઈન્ટ સુધી પહોંચે છે, તો ઈઝ્મને ક્વોલિફાઈ કરવા માટે બંને ટીમો કરતાં વધુ સારા રન રેટની જરૂર પડશે. બીજી તરફ જો ચેન્નાઈ અને લખનૌ તેમની છેલ્લી મેચ હારી જાય છે તો ૧૬ પોઈન્ટ ધરાવતી ત્રણેય ટીમો પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ શકે છે. રાજસ્થાન રોયલ્સને ૧૪ પોઈન્ટ સુધી લઈ જવા માટે પંજાબ કિંગ્સ સામેની છેલ્લી મેચ સારા રન રેટથી જીતવી પડશે. આ સાથે તેણે આશા રાખવી પડશે કે મુંબઈ તેની છેલ્લી મેચ જીતે નહીં. બીજી તરફ બેંગ્લોર, કોલકાતા અને પંજાબમાંથી કોઈ પણ ટીમ ૧૪ પોઈન્ટ સુધી પહોંચી શકી નથી અને જો આમ થશે તો તેમનો રન રેટ ઈઈ કરતા ઓછો થઈ જશે, ત્યારે રાજસ્થાન પ્લેઓફમાં પોતાનું સ્થાન બનાવી શકશે. કોલકાતા નાઈટ રાઈડર્સે ૧૪ પોઈન્ટ સુધી પહોંચવા માટે તેની છેલ્લી મેચ જીતવી પડશે. આ સાથે, તેણે આ મેચ સારા રન રેટ સાથે જીતવી પડશે, જેથી જો ૧૪ પોઈન્ટ પર પ્લેઓફમાં ક્વોલિફાઈ થવાની તક હોય તો KKRનો રન રેટ અન્ય તમામ ટીમો કરતા સારો હોવો જોઈએ.

### ઈમરાનખાનના ઘરમાં ૩૦-૪૦ આતંકી છુપાયાની માહિતી

# પાકિસ્તાનમાં પોલીસ ટીમે ઈમરાનના ઘરને ઘેરી લીધું

ઈસ્લામાબાદ, તા.૧૭

પાકિસ્તાનના પૂર્વ પીએમ અને પીટીઆઈના ચીફ ઈમરાન ખાનના ઘરને પોલીસની ટીમે ઘેરી લીધુ છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ઈમરાનના ઘરમાં ૩૦ થી ૪૦ આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી છે. ત્યારબાદ ઈમરાનના ઘર જમાન પાર્કમાં મિલિટ્રી ઓપરેશનની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે પાકિસ્તાની પોલીસ અને ગુપ્તચર એજન્સીઓને બુધવારે બપોરે ઈનપુટ મળ્યા હતા કે, પેશાવર કોર્પ્સ કમાન્ડરના ઘર પર હુમલાના આરોપીઓ ઈમરાનના ઘરમાં છુપાયેલા છે. જે બાદ ઈમરાનના ઘરની ઘેરાબંધી કરવામાં આવી છે. પોલીસે આતંકીઓને ઘરની બહાર નીકળવાનું અલ્ટીમેટમ આપ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો આવું નહીં થાય તો પોલીસ-ફોર્સની ટીમ ઈમરાનના ઘરમાં ઘૂસીને આતંકીઓને ઠાર કરશે. આ દરમિયાન ઈમરાન સામે પણ કડક કાર્યવાહી થઈ શકે છે.

ઈમરાન ખાન અને તેના સમર્થકો સામે આર્મી એક્ટની કલમ ૫૯ અને ૬૦ હેઠળ કાર્યવાહી કરવાની અટકળો બાદ પોલીસની આ ઘેરાબંધી સામે આવી છે.

આ કલમ નાગરિક અપરાધો માટે લાગુ કરવામાં આવી છે જે અંતર્ગત જો દોષી સાબિત થાય તો ગુનેગાર માટે મૃત્યુદંડની જોગવાઈ છે. ઈમરાન વિરુદ્ધ આર્મી એક્ટ હેઠળ કેસ નોંધવાનું કારણ ઈમરાનના સમર્થકો દ્વારા સેનાની સંપત્તિને નુકસાન પહોંચાડવાનું કહેવામાં આવી રહ્યું છે.

ઈમરાનના ઘરની બહાર પોલીસની ખબર સાંભળી તેમના સમર્થકો મોટી સંખ્યામાં પહોંચી ગયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ટૂંક સમયમાં ઈમરાન ખાનના ઘર પર કાર્યવાહી કરવામાં આવી શકે છે.

### આગામી સપ્તાહે ભાગ લેવા જવાના હતા પીએમ મોદી

# ઓસ્ટ્રેલિયામાં યોજાનારી Quad બેઠક અચાનક રદ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૭

ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનિસે બુધવારે જાહેરાત કરી હતી કે આવતા અઠવાડિયે યોજાનારી ક્વાડ મીટિંગ હાલમાં મુલતવી રાખવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનની મીટિંગમાં સામેલ ન થવાના કારણે ઓસ્ટ્રેલિયા દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. બાઈડેન હાલમાં અમેરિકામાં દેવાને કારણે ઉદ્ભવતા આર્થિક સંકટના મુદ્દાને ઉકેલવામાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં તેણે આવતા અઠવાડિયે પોતાનો વિદેશ પ્રવાસ સ્થગિત કરી દીધો. અગાઉ, અલ્બેનીઝે કહ્યું હતું કે ક્વાડમાં સામેલ દેશો - ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયા અમેરિકાની હાજરી વિના પણ બેઠક માટે આવી શકે છે.

તેમણે કહ્યું હતું કે બાઈડેને મુલાકાત રદ કર્યા બાદ તેમની સરકાર જાપાન અને ભારતના વડાપ્રધાન સાથે વાત કરી રહી છે. જો કે, બાદમાં રાષ્ટ્રપતિ અલ્બેનીઝે માફી માંગી અને કહ્યું કે તેમણે ક્વાડ ભાગીદારોની આ મુલાકાતની તારીખો લંબાવવી પડશે. તેમણે કહ્યું કે ભારત અને જાપાનના વડા પ્રધાનો બેઠકને ફરીથી શેડ્યૂલ કરવા અને તેને વહેલી તકે યોજવા માટે સંમત થયા છે. જો કે, ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાને કહ્યું કે આવતા અઠવાડિયે ઓસ્ટ્રેલિયામાં પીએમ મોદી સાથે તેમની દ્વિપક્ષીય બેઠક હજુ પણ થઈ શકે છે. આ અંગે ભારત તરફથી પણ ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવી શકે છે. વડાપ્રધાન મોદી જાપાનની અધ્યક્ષતામાં યોજાનાર ૪-૭ સમિટ માટે ૧૯ થી ૨૧ મે દરમિયાન જાપાનના હિરોશિમા જશે. તેઓ જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદાના આમંત્રણ પર જાપાનની મુલાકાતે છે. સમિટ દરમિયાન વડાપ્રધાન જી-૭ સત્રોને સંબોધિત કરશે. તેમાં અમેરિકી રાષ્ટ્રપતિ બાડેન સાથે અન્ય કેટલાક નેતાઓ પણ સામેલ થશે. આ પછી પીએમ મોદીની પાપુઆ ન્યુ ગિની જવાની યોજના છે. અગાઉ આ પ્રવાસમાં પણ બાયડેન પીએમ મોદી સાથે રહે તેવી શક્યતાઓ હતી. પરંતુ હવે બાઈડેનની મુલાકાત રદ થયા બાદ મોદી એકલા પપુઆ ન્યુ ગિનીની મુલાકાત લઈ શકે છે. કોઈ ભારતીય વડાપ્રધાનની પાપુઆ ન્યુ ગિનીની આ પ્રથમ મુલાકાત હશે.

### મુહમ્મદાબાદમાં હત્યાના પ્રયાસના કાવતરા કેસ

# સાંસદ-ધારાસભ્ય મુખ્તાર અંસારીને નિર્દોષ જાહેર કરાયા

## પોલીસે અંસારીને કાવતરાખોર માનીને તેમની સામે કલમ ૧૨૦બી હેઠળ કેસ નોંધ્યો હતો, ત્યારબાદથી જેલમાં હતા

મુહમ્મદાબાદ, તા.૧૭

એડિશનલ સેશન્સ જજ એમપી એમએલએ કોર્ટ દુર્ગેશની અદાલતે મુહમ્મદાબાદ વિસ્તારમાં હત્યાના પ્રયાસના કાવતરાના આરોપી મુખ્તાર અન્સારીને નિર્દોષ જાહેર કર્યા છે. વર્ષ ૨૦૦૯માં મીર હસન ઉર્ફે મીરકલ્લુ નિવાસી ચકશાહ મુહમ્મદ ઉર્ફે મલિકપુરાએ સોનુ યાદવ વિરુદ્ધ મુહમ્મદાબાદ પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો કેસ નોંધાવ્યો હતો. પોલીસે મુખ્તાર અંસારીને કાવતરાખોર માનીને તેમની સામે કલમ ૧૨૦બી હેઠળ કેસ નોંધ્યો હતો. ત્યારબાદથી અન્સારી જેલમાં બંધ હતો. જોકે આ કેસમાં મુખ્ય આરોપી સોનુ યાદવને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો, જ્યારે સાંસદ-ધારાસભ્ય મુખ્તાર અંસારી વિરુદ્ધ કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. આ મામલે ૬ મેના રોજ મુખ્તાર વતી મૌખિક દલીલો કરવામાં આવી હતી. જે બાદ કોર્ટે નિર્ણય માટે ૧૭ મેની તારીખ નક્કી કરી હતી. બુધવારે ચુકાદો સંભળાવતા સાંસદ-ધારાસભ્ય કોર્ટના ન્યાયાધીશ દુર્ગેશે મુખ્તાર અંસારીને હત્યાના કાવતરાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. એમપી એમએલએ કોર્ટ દુર્ગેશની અદાલતે અગાઉ બે ગેંગસ્ટર કેસમાં મુખ્તાર અંસારીને દસ વર્ષની સજા ફટકારી હતી. ગેંગસ્ટરને પ્રથમ સજા બનારસના અવધેશરાય હત્યા કેસમાં અને બીજી સજા બનારસના જ કોલસાના વેપારી અને હિન્દુવાદી નેતા નંદકિશોર રૂંગટાના અપહરણ અને હત્યા કેસમાં દસ વર્ષની સંભળાવાઈ હતી.

### આતંકવાદ સાથે સંકળાયેલાની કમર તોડવાની ક્વાયત

# એનઆઈએના દેશભરમાં ૧૨૨થી વધુ ઠેકાણે દરોડા

## કાર્યવાહી લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડી બરાડ, નીરજ બવાના સહિત ડઝનેક ગેંગસ્ટરના નજીકનાઓ પર કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૭

સમગ્ર દેશમાં ગેંગસ્ટર અને આતંકવાદ સાથે સંકળાયેલા લોકોની કમર ભાંગી નાખવા માટે એનઆઈએએ એક મોટી કાર્યવાહી કરી છે.

આતંકવાદ- નશીલા પદાર્થોની દાણચોરી અને ગેંગસ્ટર સાથે સાંઠગાંઠ મામલે એનઆઈએએ દેશભરમાં ૧૨૨થી વધુ ઠેકાણે દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડી બરાડ, નીરજ બવાના સહિત ડઝનેક ગેંગસ્ટરના નજીકનાઓ પર કરવામાં આવી હતી. કાર્યવાહીમાં ખાલિસતાની આતંકી નેટવર્ક સાથે સંકળાયેલા લોકોને પણ આવરી લેવાયા હતા. હાલમાં દિલ્હી, ઉત્તરપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, હરિયાણા, ઉત્તરાખંડ તથા મધ્યપ્રદેશમાં દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આ રાજ્યોમાં ૧૨૨થી વધુ ઠેકાણે એનઆઈએ દ્વારા દરોડાની કાર્યવાહી હજુ ચાલી રહી છે. પંજાબના મોગા ઉપરાંત નિહાલ સિંહવાલા તલવંડી ભગૌરિયામાં પણ એનઆઈએની ટીમ પહોંચી હતી.

કયા રાજયમાં કેટલી જગ્યાએ દરોડાની કાર્યવાહી ચાલુ છે

દિલ્હી-એનસીઆરઃ એનઆઈએના દરોડા ૩૨ સ્થળોએ ચાલુ છે.

પંજાબ-ચંડીગઢ : ૬૫ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા છે

ઉત્તર પ્રદેશ : પ્રતાપગઢ, બરેલી અને લખીમપુરમાં દરોડા પાડવામાં આવ્યા છે. રાજસ્થાનઃ એનઆઈએએ ૧૮ જગ્યાએ દરોડા પાડ્યા છે.

મધ્યપ્રદેશઃ એનઆઈએ ૨ સ્થળોએ દરોડા પાડ્યા.

### હિંડેનબર્ગના રિપોર્ટ બાદ અદાણી જૂથની સ્થિતિ કથળી હતી

# અદાણી સામેના આરોપોની તપાસ માટે સુપ્રીમે સેબીને વધારાની મુદ્દત આપી

## આ મામલે તપાસ પૂરી કરવા માટે સેબીએ સુપ્રીમકોર્ટમાં અરજી કરીને ૬ મહિના જેટલો સમય માગ્યો હતો

નવી દિલ્હી, તા.૧૭

અદાણી ગ્રૂપને હચમચાવી મૂકનારા અમેરિકી શોર્ટ સેલર હિંડેનબર્ગ રિસર્ચ ફર્મના રિપોર્ટમાં મૂકાયેલા આરોપોની તપાસ પૂરી કરવા માટે સુપ્રીમકોર્ટે સેબીને વધારાની મુદ્દત આપી દીધી છે. હવે આ મામલે ૧૪ ઓગસ્ટ સુધીનો સમય આપવામાં આવ્યો છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની ત્રણ જજોની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ મામલે તપાસ પૂરી કરવા માટે સેબીએ સુપ્રીમકોર્ટમાં અરજી કરીને ૬ મહિના જેટલો સમય માગ્યો હતો પરંતુ સુપ્રીમકોર્ટે આ મામલે સેબીને લગભગ ૩ મહિનાનો સમય આપ્યો છે. એટલે કે સેબીએ હવે આગામી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીમાં આ મામલે તપાસ પૂર્ણ કરવી પડશે.

તેની સાથે જ ટોચની કોર્ટે નિવૃત્ત જસ્ટિસ સપ્રેની પેનલ દ્વારા સબમિટ કરાયેલા રિપોર્ટની કોપીઓ તમામ પક્ષકારોને આપવા નિર્દેશ આપ્યો હતો.

### ધરતી ધ્રૂજતા સ્થાનિકોમાં ભયનો માહોલ

# કચ્છમાં ૪.૨ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો, કોઈપણ જાનહાની નહીં

## ભૂકંપનું કેન્દ્રબિંદુ ખાવડાથી ૩૯ કિમી દૂર નોંધાયું, અગાઉ પણ કચ્છના રાપરમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો

કચ્છ, તા.૧૭

કચ્છમાં ગઈકાલે મોડી રાત્રે વધુ એક વખત ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ નોંધાઈ હતી. ગઈકાલે આવેલા ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના ખાવડાથી ૩૯ કિલોમીટર દૂર નોંધાયુ હતું. જો કે ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી કોઈ જાનહાની થઈ ન હતી. આ ભૂકંપને કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો.

કચ્છમાં ગઈકાલે મોડી રાત્રે અંદાજે ૧ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભાવયો હતો. રાત્રીના સમયે અચાનક ભૂકંપના આચકો આવતા લોકો પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. ભૂકંપને પગલે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ગતરાત્રીએ આવેલા ભૂકંપની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૨ની નોંધાઈ છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ખાવડાથી ૩૯ કિમી દૂર નોંધાયું છે. આ ભૂકંપને કારણે હજુ સુધી કોઈ નુકસાનના સમાચાર નથી.

આ અગાઉ પણ કચ્છના રાપરમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ધોળાવીરા નજીક હોવાનું નોંધાયું હતું. આ ભૂકંપની તીવ્રતા ૨.૭ રિક્ટર સ્કેલ નોંધાઈ હતી. આ ઉપરાંત ૨૮મી એપ્રિલે બનાસકાઠામાં વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભાવાયા હતા.

બનાસકાંઠાના ડીસા, પાલનપુર સહિત આજુબાજુના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બનાસકાંઠામાં ૨૮ એપ્રિલે અનુભવાયેલા ભૂકંપના આંચકાની રિક્ટર સ્કેલ પર ૪.૨ની તીવ્રતા નોંધાઈ હતી. અચાનક ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

### ડીકે શિવકુમારે કરી રાહુલ ગાંધી સાથે મુલાકાત

# પહેલા અઢી વર્ષનો કાર્યકાળ મને આપો : ડીકે શિવકુમાર

બેંગલુરુ, તા.૧૭

કર્ણાટકમાં મુખ્યમંત્રી કોને બનાવવા તેનું કોકડુ કોંગ્રેસ માટે ગુંચવાયું છે. સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર બંને મુખ્યમંત્રી પદ માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે, સૂત્રોનું માનીએ તો, મુખ્યમંત્રીની પસંદગી માટે કોંગ્રેસ હજુ બેથી ત્રણ દિવસ લઈ શકે છે. જો કે, ડીકે શિવકુમાર મુખ્યમંત્રીના પદ માટે અડગ છે.

કોંગ્રેસ પાર્ટી કર્ણાટકના મુખ્યમંત્રી માટે અઢી વર્ષ અઢી વર્ષની ફોર્મ્યુલા લાવી છે અને તેની ચર્ચા થઈ રહી છે, ત્યારે ડીકે શિવકુમારે પોતાની માગ જાહેર કરી દીધી છે. ડીકે શિવકુમારનું કહેવુ છે કે, જો આ ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી છે, તો પહેલા અઢી વર્ષનો કાર્યકાળ મને આપવામાં આવે, ત્યારબાદના અઢી વર્ષ સિદ્ધારમૈયાને આપવામાં આવે. પહેલા અઢી વર્ષ જો મને મુખ્યમંત્રી બનાવવામાં આવશે તો ત્યારબાદ મારી કોઈ માંગણી રહેશે નહીં. ડી કે શિવકુમારે નાયબ મુખ્યમંત્રીના પદને પણ ઠુકરાવી દીધુ હતુ.

કર્ણાટકમાં કોને મુખ્યમંત્રી બનાવાશે તે અંગેની ચર્ચા ચાલી રહી છે, ત્યારે કર્ણાટકના પ્રભારી રણદીપ સુરજેવાલાએ કહ્યુ કે '' અત્યારે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. હાલ વાતચીત ચાલી રહી છે. કોઈ અફવા પર વિશ્વાસ કરશો નહીં. નિર્ણય આજે અથવા તો કાલે થશે. જે નિર્ણય લેવામાં આવશે તે તમને જણાવવામાં આવશે. ૪૮થી ૭૨ કલાકની વચ્ચે કર્ણાટકની કેબિનેટ નક્કી કરવામાં આવશે. '' સુરજેવાલાએ આરોપ લગાવ્યો હતો કે, હાર બાદ ભાજપ બૌખલાઈ ગઈ છે. જેથી તે અફવા ફેલાવી રહી છે.

અગાઉ પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડી.કે. શિવકુમાર બુધવારે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને મળ્યા હતા.

કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધીના નિવાસસ્થાન ૧૦ જનપથ ખાતે રાહુલ ગાંધી સાથે બંને નેતાઓની બેઠકને મુખ્યમંત્રી પદ પર સમજૂતી સુધી પહોંચવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

સિદ્ધારમૈયાએ રાહુલ ગાંધી સાથે લગભગ અડધો કલાક ચર્ચા કરી, જ્યારે શિવકુમારે તેમની સાથે એક કલાકથી વધુ સમય સુધી વાત કરી. રાહુલ ગાંધીને મળ્યા બાદ શિવકુમાર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે ગયા અને તેમને મળ્યા. સિદ્ધારમૈયા અને શિવકુમાર બંને રાજ્યના મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર છે, જોકે સિદ્ધારમૈયા રેસમાં સૌથી આગળ માનવામાં આવે છે.

### ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારના આયોજન પર નીતિન પટેલનું મોટું નિવેદન

# ગુજરાતમાં તેમના શું કાર્યક્રમો છે તે અંગે મને કોઈ માહિતી નથી : નીતિન પટેલ

### રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી ૧ જૂન અને ૨ જૂનના રોજ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો દરબાર ભરાશે

રાજકોટ, તા.૧૭

બાબા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી રાજકોટ આવવાના છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં બાગેશ્વર સરકારનો દિવ્ય દરબાર ભરાવા જઈ રહ્યો છે. જેને લઈને લોકલ કમિટી પણ બનાવવામાં આવી છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી ૧ જૂન અને ૨ જૂનના રોજ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો દરબાર ભરાશે. જેને લઈ નીતિન પટેલનું નિવેદન સામે આવ્યું છે.

ગુજરાતમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારના આયોજન અંગે નીતિન પટેલ બોલ્યા છે કે, ઘણી વખત TVમાં તેમના કાર્યક્રમો જોઉ છુ અને ગુજરાતમાં તેમના શું કાર્યક્રમો છે તે અંગે મને કોઈ માહિતી નથી તેમણે વધુમાં કહ્યું કે, અંગત રીતે મને આ બાબતમાં કોઈ રસ પણ નથી.પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી વર્તમાનમાં તેમની આધ્યાત્મિક આભાથી લોકોના જીવનની સમસ્યાનું સમાધાન કરવા બાબતે ખૂબ જ દેશ–વિદેશમાં લોકપ્રિય થયા છે, સાથે જ તેઓ સનાતન ધર્મની પુનઃસ્થાપના અને હિન્દુ રાર્ષ્ટ્ર વિશે પણ ખુલીને પોતાની વાત ખૂબ જ સ્પષ્ટ્તાપૂર્વક મુકી રહ્યા છે.


જેના કારણે તેઓ આજની યુવા પેઢીમા પણ અતિ લોકપ્રિય બન્યા છે. ગુજરાતના વિવિધ સ્થળોએ બાબા બાગેશ્વરનો દિવ્ય દરબાર લાગવાનો છે.અમદાવાદની વાત કરીએ અમદાવાદમાં ૨ દિવસ માટે બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવા જઈ રહ્યો છે, આગામી ૨૯ અને ૩૦ મેના રોજ ઘાટલોડીયાના ચાણક્યપુરી ખાતે ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર ભરાશે. જેનું આયોજન રાધિકા સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. આયોજક દ્વારા જણાવવામાં આવ્યું છે કે, બાબા બાગેશ્વરનો અમદાવાદમાં દિવ્ય દરબાર યોજાવા જઈ રહ્યો છે. અંદાજે સવા લાખ લોકો માટે વ્યવસ્થા કરાશે. આ માટે અમે મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને પણ આમંત્રણ આપીશું. સાથે જ ધારાસભ્ય, કાઉન્સિલર, ચેરમેન, મેયરને પણ આમંત્રણ આપવામાં આવશે.

બાબા બાગેશ્વરનો દરબાર યોજાય તે પહેલા વિરોધ શરૂ થઈ ચૂક્યો છે. જેના વિશે વાત કરતા આયોજકે જણાવ્યું કે, 'મહારાજ કોઈ તાંત્રિક નથી. મહારાજ બધાના સવાલોના જવાબ આપશે, તમામના જે પ્રશ્નો છે તેના મહારાજ જવાબ આપશે. અરજીનો સ્વીકાર થાય તો સ્ટેજ પર એ વ્યક્તિને બોલાવાશે.'

૨૬ અને ૨૭ મેના રોજ સુરત ખાતે પણ બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. શહેરના લિંબાયતના નિલગીરી મેદાન ખાતે બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. નિલગીરી મેદાનમાં સાંજે ૫થી રાતના ૧૦ વાગ્યા સુધી ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર ભરાશે. આ પહેલા સુરતમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારનો વિરોધ થઈ રહ્યો છે.

સુરતમાં અંધશ્રદ્ધા નિવારણ શાખાએ કાર્યક્રમનો વિરોધ કર્યો છે. અંધશ્રદ્ધા નિવારણ શાખાએ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો કાર્યક્રમ રદ કરવાની માંગણી કરી છે. આ માટે સુરત કલેક્ટર અને પોલીસ કમિશનરને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં કાર્યક્રમથી અંધશ્રદ્ધા ફેલાતી હોવાથી મંજૂરી ન આપવા માંગ કરી છે. બાબા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી રાજકોટ પણ આવી રહ્યા છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં બાગેશ્વર સરકારનો દિવ્ય દરબાર ભરાવા જઈ રહ્યો છે. જેને લઈને લોકલ કમિટી પણ બનાવવામાં આવી છે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી ૧ જૂન અને ૨ જૂનના રોજ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો દરબાર ભરાશે.

# સાવરકુંડલામાં આવેલી સવા સૈકા જૂની છતાં પણ અડિખમ ગિરધરવાવ



સાવરકુંડલા, તા. ૧૭

પહેલાના સમયમાં મુસાફરી માટેના પર્યાપ્ત સાધનો કે સગવડતાઓ ન હતી ત્યારે એક ગામથી બીજા ગામ જવા માટે ગામ લોકો ચાલીને જતા હતા અને આવી રીતે ચાલીને જતા ગામ લોકો વટે માર્ગુ તરીકે ઓળખાતા હતા. ચાલીને જતા બે ગામ વચ્ચે બે થી ત્રણ કલાક જેટલો સમય થતો હતો ત્યારે એ સમયે આવા વટેમાર્ગુનાં વિસામા માટે જે તે ગામના મુખી કે સુખી સમૃદ્ધ લોકો દ્વારા ગામના છેડે વાવો બાંધવામાં આવતી હતી જે વાવમાં પગથિયા દ્વારા ઉતરી શકાતું હતું. વાવમાં વિસામા માટે પથ્થર વડે બેઠક વ્યવસ્થા પણ ગોઠવવામાં આવતી હતી.

જેથી પસાર થતા વટેમાર્ગુ વાવના છાયે વિસામો લઈ શકે અને તેમને પાણીની સગવડતા પણ મળી રહે આવી વાવની વ્યવસ્થા પુરાતન સમયને અનુલક્ષીને અસ્તિત્વમાં આવી હતી ધીમે ધીમે સમયનો પ્રવાહ બદલાયો તેમ તેમ સુવિધાઓ પણ વધવા માંડી જેથી ચાલીને જતા વટેમાર્ગુ વાહનોમાં બેસીને એક ગામથી બીજા ગામ વચ્ચે આવાગમન કરવા લાગ્યા અને લોકો વટેમાર્ગુને બદલે મુસાફરો તરીકે ઓળખાવા લાગ્યા.

વાહનમાં મુસાફરી કરવાથી ઝડપથી પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી જવાતું હોય વાવ હવે બિન ઉપયોગી થવા લાગી હતી અને સમય જતા ઉપયોગ વગરની વાવો સ્વાભાવિક પણે ધીમે ધીમે ક્ષીણ થવા માંડી હતી ત્યારે સાવરકુંડલા ખાતે પણ શહેરની ફરતે સવાસો વર્ષ કે તેથી પણ પહેલાના સમયમાં સાવરકુંડલા ના નેસડી રોડ પર લીલુડા ની વાવ હતી તો સાવરકુંડલાના મોમાઈપરાથી ગાધકડા ગામ જવાના જુના રસ્તા ઉપર એક વાવ હતી અને ત્રીજી વાવ જે સાવરકુંડલાથી ૪ કિલોમીટર દૂર મહુવા રાજુલા તરફ માર્ગમાં જમણી બાજુ ગિરધરવાવ તરીકે આવેલી છે જે આજે પણ અડીખમ ઉભી છે. સાવરકુંડલાના બુજર્ગ લોકો પાસેથી સાંભળવા મળતી વાતો મુજબ સવાસો વર્ષ પહેલાં સાવરકુંડલાના ખૂબ જ સુખી સમૃદ્ધ પરિવાર એવા પારેખ પરિવાર દ્વારા વટેમાર્ગુની સુવિધા માટે પરીવારનાં મોભીનાં નામ ઉપરથી ગીરધરવાવ બનાવવામાં આવી હતી. આ વાવ વટેમાર્ગુ માટે સારી સુવિધા હતી. જોકે સમય જતા હવે વાવ સુવિધાનું સાધન મટી શહેરીજનો માટે હરવા ફરવાનું સ્થળ બની ચૂકી છે.

વાવના કિનારે ભગવાન ભોળાનાથનું મંદિર પણ પારેખ પરિવાર દ્વારા બંધાવવામાં આવ્યું હોય સાવરકુંડલા શહેરના લોકો પરિવાર સાથે દર રવિવાર તેમજ તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં અહીં ફરવા આવે છે. ત્યારે ગયા વર્ષે જ પારેખ પરિવારના ભૂમિદાનથી અહીં શ્રીરામ વાત્સલ્યધામ ટ્રસ્ટ દ્વારા વડીલો માટે ગિરધર ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે ગિરધર ઘર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પારેખ પરિવારની સેવાની સ્મૃતિ સમિ ગિરધર વાવ શહેરીજનો જોઈ શકે અને ઐતિહાસિક વારસાની જાણકારી મેળ વી શકે છે તે માટે ખૂલ્લી કરાવતા આશ્ચર્યજનક કહેવાય તેમ સવાસો વર્ષ પહેલાં બનાવેલી વાવ હાલ પણ પગથિયાં અને વિસામાં સહિત સહી સલામત અને અડીખમ સ્થિતિમાં છે અને વાવમાં માત્ર ૩૦ ફૂટની ઊંડાઈએ પાણી ભરેલું છે જે પાણી મીઠું અને પીવાલાયક પણ છે અત્રે નોંધનીય છે કે અહીંથી માત્ર ચાર કિલોમીટર દૂર સાવરકુંડલા શહેરમાં પાણી મેળવવા માટે ૧૦૦૦ ફૂટની ઊંડાઈના દાર બનાવવા પડે છે ત્યારે ગિરધરવાવમાં માત્ર ૩૦ થી ૫૦ ફૂટની ઊંડાઈમાં મીઠું પાણી મળી રહ્યું છે.

આ સવા સૈકા જૂની ગિરધરવાવની અમારા પત્રકાર દિપક પાંધી અને સાવરકુંડલાના યુવા વેપારી અગ્રણી પંકજભાઈ નગદિયાએ શ્રીરામ વાત્સલ્યધામ ટ્રસ્ટનાં આર્કિટેક બીપીનભાઈ વણઝારાને સાથે રાખી મુલાકાત લીધી હતી અને વર્ષો જૂના આવા અડીખમ બાંધકામ બાબતે આર્કિટેક વણઝારા સાથે ચર્ચા કરતા બીપીનભાઈ વણઝારાએ જણાવ્યું હતું કે વર્ષો પહેલા બાંધકામ માટે સિમેન્ટ કોંકરેટનું ચલણ ન હતું. પરંતુ તેના બદલે ગુગલ, ચુનો અને ગોળ જેવા ઓર્ગેનિક મટીરીયલથી બાંધકામ કરવામાં આવતું હતું અને આવું બાંધકામ સદીઓ સુધી અડીખમ પણ રહેતું હતું. ત્યારે આ વાવ પણ આવા જ પુરાતન બાંધકામ મટીરીયલથી બાંધવામાં આવી હોય તે હાલની સ્થિતિએ પણ અડીખમ છે.

શ્રી રામ વાત્સલ્યધામ ટ્રસ્ટ દ્વારા વાવની સાર સંભાળ લેવાઈ રહી છે. જેની જાણ ધારાસભ્ય મહેશ કસવાલાને થતા તેમને પણ આ ગિરધરવાવની મુલાકાત લઈ વાવની સાર સંભાળ માટે સરકારના પુરાતન વિભાગનુ ધ્યાન દોરી સરકારનો પણ સહયોગ મળે તેવા પ્રયત્નો હાથ ધરવાની તત્પરતા દર્શાવી છે.

### લેખકો, સાહિત્યકારોની ઉપસ્થિતિમાં

# અમરેલી : કવિશ્રી રમેશ પારેખની પુણ્યતિથિએ સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો

### બાલભવનનાં મેનેજિંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ જોડાયા



અમરેલી, તા. ૧૭

અમરેલીનું ઘરેણું અને ગુજરાતી ભાષાના દિગ્ગજ સર્જક, મૂર્ધન્ય કવિ રમેશ પારેખની ૧૭ મી પુણ્યતિથિ નિમિત્તે બાલભવન અમરેલી ખાતે લેખકો, સાહિત્યકારોની ઉપસ્થિતમાં તેમને સ્મરણાંજલી આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. બાલભવન અમરેલીમાં રમેશ પારેખના સંસ્મરણોને કાયમી સ્વરૂપે યાદ રાખવા માટે રમેશ પારેખ ગેલેરી બનાવવામાં આવી છે. જેમાં તેના જન્મ થી લઈ ને દિવ્ય જયોત સુધીના સંસ્મરણોને સાચવી રાખવામાં આવ્યા છે. આ ગેલેરીની અનેક મહાનુભાવો, લેખકો, કવિઓએ અનેકવાર મુલાકાત લીધી છે.

આજના આ સ્મરણાંજલી કાર્યક્રમ માં ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ–બાલભવન, અમરેલીના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટની ઉપસ્થિતિમાં તેમજ સંસ્થાના ડાયરેક્ટર દિનેશભાઈ ત્રિવેદીના માર્ગદર્શન માં યોજાયેલ કાર્યક્રમમાં નારણભાઈ ડોબરીયા, લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી, જાણીતા બાંસુરી વાદક અને ગુજરાતનું ગૌરવ સંજયભાઈ ધારૈયા, લેખક–કવિ કાલિન્દીની પરીખ, સંગીતજ્ઞ પંકજભાઈ જોષી સહિત બાળકો ઉપસ્થિત રહ્યાં હતા.

### ઉનાનાં દેલવાડા રોડ પર આવેલ એચ.એમ.વી. કોલેજ પાસે

# એકટીવા ચાલકે રાહદારીને અડફેટે લેતા સારવાર દરમિયાન મોત

### પતિ અને પત્ની પગપાળા જતાં હોય પતિનું મોત

ઉના, તા. ૧૭

ઉનાના દેલવાડા રોડ પર આવેલ એચ.એમ.વી. કોલેજ પાસે રહેતા અરજણભાઈ કરશનભાઈ સોરઠીયા જાતે આહિર તથા તેમના પત્ની રાજીબેન ચાલીને જતાં હોય ત્યારે પાછળથી પૂર ઝડપે આવી રહેલ એકટીવા નંબર ડીડી ૦૨ એફ ૪૬૮૦નાં ચાલકે અરજણભાઈ સોરઠીયાને અડફેટે લેતા હાથ, પગ અને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહી લુહાણ હાલતમાં ૧૦૮ની મદદથી પ્રથમ ઉના સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે જૂનાગઢ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં મૃતકના પત્ની રાજીબેને બાઈક ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

### શિક્ષકો માટે સૌથી મોટા સમાચાર

# જિલ્લા આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર

### નવા નિયમો આધિન પ્રથમવાર જિલ્લા આંતરિક બદલી કેમ્પનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૧૭

શિક્ષકોની બદલીને લઈ મહત્વના સમાચાર સામે આવી રહ્યાં છે, લાંબા સમયથી રાહ જોઈ રહેલા રાજ્યની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકના હિતમાં શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે, નવા બદલી નિયમો મુજબ જિલ્લા આંતરીક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. લાંબા વિવાદ બાદ થોડા સમય અગાઉ જ બદલી મુદ્દે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા જે બાદ પ્રથમ વાર નવા નિયમો આધિન પ્રથમવાર જિલ્લા આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબક્કો તારીખ ૦૨ જૂનથી ૧ જુલાઈ ૨૦૨૩ સુધી યોજાશે

# જાફરાબાદ : બાબરકોટ આરોગ્ય કેન્દ્રમાં ડેન્ગ્યુ દિવસની ઉજવણી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૭

બાબરકોટ પ્રાથમિક કેન્દ્રમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ. અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોકટર આર.એમ. જોષી, ડો. આર.કે. જાડ, ડો. એ.કે. સિંગ, ડો. સાલવી તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો.એમ.બી. ટાંકનાં માર્ગદર્શન નીચે બાબરકોટ પ્રાથમિક કેન્દ્રના તમામ ગામોમાં સીએસઓ, એમ.પી.એસ. ડબ્લ્યુ, એફ.એસ. ડબ્લ્યુ તથા આશાબેન દ્વારા રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ અંતર્ગત ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ જેમાં હોમ ટૂ હોમ સર્વે, ડિસ્કાર્ડ કન્ટેનર, આઈ.ઈ.શી. પ્રાથમિક શાળાના બાળકોને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ વિશે સમજાવેલ. આ પ્રસંગે સીએસઓ, એલટી, એમપીએસ ડબલ્યુ, એફ.એસ. ડબલ્યુ, આર.બી.એસ.કે., આશાબહેનો તથા તમામ કામગીરી તાલુકા સુપરવાઈઝર રાજયગુરૂ ભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

### કોઈ હિન્દુ દીકરો વિરોધ કરશે તો જોવા જેવી થશે : કરણી સેના

# રાજકોટમાં કરણી સેના આવી બાબા બાગેશ્વરના સમર્થનમાં

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં કરણી સેના બાબા બાગેશ્વરના સમર્થનમાં આવી છે. ઠેર ઠેર જ્યારે વિરોધ ધિરેન્દ્ર શાસ્ત્રીને લઈ થઈ રહ્યો છે. ત્યારે કરણી સેનાએ બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીના સમર્થનમાં નિવેદન આપ્યું છે. કરણી સેનાના પ્રમુખે આ બાબતે પડકાર ફેંકયો છે.

તેમના દ્વારા જાહેરમાં કહેવામા આવ્યું છે કે જો કોઈ હિન્દુના દીકરાએ હિન્દુનો વિરોધ કર્યો તો જોવા જેવી થશે. આમ કહી રાજપૂત કરણી સેના દ્વારા બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીને સમર્થન આપવામાં આવ્યું છે.



મહત્વનું છે કે આગામી ૧ અને ૨ જૂનના રોજ બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીનો રાજકોટમાં દરબાર લાગવાનો છે ત્યારે આ દરબારમાં જો કોઈ હિન્દુનો દીકરો વિરોધ કરશે તો જોવા જેવી થશે તેવું કરણી સેનાના પ્રમુખે જણાવ્યુ છે. અને કહ્યું કાર્યક્રમમાં અમારી ૨૦૦થી ૨૫૦ લોકોની ટીમ બાબાના દરબારમાં હાજર રહેશે. કાર્યક્રમ દરમ્યાન કોઈ વિરોધ કરવા આવશે તો અમે જોઈ લઈશું. કરણી સેનાના પ્રમુખે કહ્યું હિન્દુ ધર્મનો કોઈ વિરોધ કરે તો અમારે બાબાના સમર્થનમાં એક રાજપૂતર તરીકે આવવું અવશયક છે.

# સિંહ પરિવાર, અમારો કાયમી મહેમાન : પ્રતાપભાઈ ખુમાણ

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા કાઠી ક્ષત્રિય આગેવાન અને શિક્ષણવીદ્ પ્રતાપભાઈ ખુમાણ આ પ્રમાણે જણાવે છે. કાઠિયાવાડી પરંપરા મુજબ તો કાઠી દરબારો પોતાની મહેમાનગતી માટે વખણાય છે. ત્યારે આ સિંહ પરિવાર પણ આ વાત જાણે સી રીતે જાણતો હોય તેવું લાગે છે. તેમનું એકસો વીઘાનું ફાર્મ નાના ભમોદ્રા નજીક, સાવરકુંડલાથી ૬ કિ.મી.નાં અંતરે આવેલ છે. જે આખી વાડીમાં શેરડીનો વાડ ઉભો છે. આ વાડમાં સિંહ પરિવાર કાયમી વસવાટ કરે છે. દરરોજ સવારે ૭:૦૦ આસપાસ નર સાવજ, સિંહણ અને ચાર યુવા એટલે કે, પાઠડા સાવજ શેરડીના વાડમાં દાખલ થઈ જાય કારણ કે વાડમાં દરરોજ પાણી છોડવામાં આવતું હોવાથી ખૂબ જ ઠંડક હોય અને પીવા પણ મળી રહે અને દરરોજ સાંજે ૭:૦૦ વાગ્યે વાડમાંથી બહાર નીકળી, આખી રાત આજુબાજુ શિકાર શોધવા ફર્યા કરે. અને આ વિસ્તારમાં રોજડા, ભૂંડ ઉપરાંત રેઢિયાળ ઢોર આસાનીથી શિકાર બની જાય છે એટલે આ પરિવારે આ વિસ્તારને પોતાની ટેરીટરી બનાવી દીધી છે. સાવરકુંડલામાં અમરેલી હાઈવે બાયપાસ નજીક આવેલ જુની લાઈટ હાઉસની આશરે ૧૦૦ વિઘા જમીન કેટલાય વર્ષોથી પડતર પડી છે. જેમાં આખું જંગલ થઈ ગયું છે. એટલે તેમાં ઘણાં પ્રાણીઓ નીલ ગાય,



ભૂંડ, દીપડા, રેઢિયાળ ઢોર વસે છે. એટલે આ સિંહ પરિવાર રાત્રે નાના ભમોદ્રાથી ૭ કિ.મી. દૂર આવેલ આ જગ્યાએ મારણ માટે રખડે છે અને સવાર પડતા જ પરત પ્રતાપભાઈની માલિકીનાં શેરડીનાં ફાર્મમાં પહોંચી જાય અને આખો દિવસ અંદર પડયા રહે છે. દરરોજ શેરડીની કટાઈ ચાલુ જ હોય છે, અને ત્રીસ જેટલા મજૂર બહેનો આખો દિવસ કાપણી કરતા હોય છે પણ કોઈ દિવસ આ સિંહ પરિવારમાંથી એકપણ સિંહ કયારેય બહાર આવતો નથી કે ભુંકતો પણ નથી. આ બહેનો પણ જાણે સિંહ પરિવાર એકબીજા પરિચિત હોય તેમ સહેજ પણ ડર રાખ્યા વગર પોતાનું કામ કરતા રહે છે. અને આ ખુમાણ પરિવાર સિંહપ્રેમી અને તેમનાં સંરક્ષણ પ્રત્યે ખૂબ જ પ્રયત્નશીલ હોવાથી, કયારેય કોઈપણ વ્યકિતને પોતાના આ ફાર્મમાં સિંહ દર્શન માટે આવવાની સખત મનાઈ છે. અને આ પરિવારની દરરોજની જીવનશૈલીમાં સહેજ પણ કોઈ અડચણ ન આવે તેની કાળજી રાખે છે.

# અમરેલી ખાતે ડિપ્લોમાં ઈન કો.ઓપ.મેને. કોર્ષનો દિલીપ સંઘાણીનાં હસ્તે પ્રારંભ



અમરેલી જિલ્લાનું સહકારી માળખું વધુ મજબૂત બને અને તમામ મંડળીઓનાં કર્મચારીઓ સહકારિતનો અભ્યાસ કરે આવા ઉમદા હેતુથી અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનિષ સંઘાણીની સુઝબુજ અને માર્ગદર્શન હેઠળ અમરેલી ખાતે ગુજરાત રાજય સહકારી સંઘ સંચાલિત વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નારી અને અમરેલી જિલ્લા સહકારી સંઘના સંયુકત ઉપક્રમે અમરેલી પ્રથમ વખત ડિપ્લોમાં કો. ઓપરેટિવ મેનેજમેન્ટ કોર્ષનો શુભારંભ ઈફકો અને એનસીયુઆઈનાં અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીનાં વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. ત્યારે આ શુભ પ્રસંગે એનસીયુઆઈના સીઈઓ ડો. સુધીર મહાજન, અમર ડેરીનાં અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.નાં અધ્યક્ષ જયંતિભાઈ પાનસુરીયા, વૈકુઠભાઈ મહેતા, વ્યવસ્થાપન કેન્દ્રનાં આચાર્ય રાવલ, અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેકટર અરૂણાબેન માલાની, અમર ડેરીનાં ડાયરેકટર રેખાબેન કાકડીયા ઉપસ્થિત રહૃા હતા. જયારે આ કાર્યક્રમના ઉદઘાટક દિલીપભાઈ સંઘાણી ધ્વારા અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા સહકારી સંઘ જે રીતે તાલીમ આપવાનું કાર્ય કરી રહી છે અને ગુજરાતમાં પ્રથમ વખત કોઈ જિલ્લા સહકારી સંઘ સાથે આ કોર્ષ ચાલું થયો છે તે બદલ સમગ્ર ટીમને શુભકામના પાઠવી હતી અને જણાવ્યું કે અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર મંત્રાલય યુનિવર્સિટી બનાવવાની તૈયારી કરી રહ્યું છે. સરકાર પણ સહકારી ક્ષેત્રમાં ખૂબ તાલીમો માટે વિચારી રહ્યું છે. ત્યારે આવા સમયમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ સહકારી તાલીમ ક્ષેત્રમાં અને સહકારી અભ્યાસક્રમ બાબતે જિલ્લાની અંદર ખૂબ જ સરાહનીય કામગીરી કરી રહ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી જિલ્લા સહકારી સંઘના કર્મચારીગણ ધ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

### મંદિરોમાં ભગવાન પણ સલામત રહી શકતા નથી

## ઉના : ધોકડવા ગામે બલાડ માતાજીનાં મંદિરમાંથી અજાણ્યા શખ્સો દ્વારા ચોરી

### સ્થાનિક પોલીસે તસ્કરોને ઝડપવા ચક્રો ગતીમાન કર્યા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૧૭

ગીર ગઢડાના ધોકડવા ગામના બલાડ માતાના મંદિરમાં અજાણ્યા તસ્કરો ત્રાટકતા દાન પેટી તોડી ૨૫ હજારથી વધુની રકમ ચોરી કરી ફરાર થઈ જતાં પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી હતી.

તસ્કર ટોળકી ખાખી વર્દીને ખુલે આમ ચેલેન્જ આપી રહી હોય તેમ મન ફાવે ત્યારે ગમે ત્યાં ચોરી કરી પોલીસની આબરૂનું ચીર હરણ કરી રહી છે પોલીસ તંત્ર સબ સલામતની ગુલબાંગો ફૂંકી રહી બીજી બાજુ તસ્કરો ગ્રામ્ય વિસ્તારના મંદિરને નિશાન બનાવતા લોકોમાં ભય ફેલાયો છે.

ધોકડવા ગામે તસ્કરોએ ભગવાનનો ડર રાખ્યા વગર ગુજજર પરિવારના બલાડ માતાના મંદિરને રાત્રીના ૩ વાગ્યાના સમયે નિશાન બનાવી મંદિરની દાન પેટીઓ તોડી રોકડની ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા જે અંગેની જાણ મંદિરમાં સફાઈ કરતાં ગુણા ભાઈ કલસરિયાને થતા પરિવારના સભ્યોને જણાવતા એકઠા થયેલ હતા અને ગીર ગઢડા પોલીસને જાણ કરવામાં આવતા સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી હતી.

તસ્કરો ચોરીઓ કરવા માટે કોઈપણ તુક્કા શોધી કાઢતા હોય છે વાહન ચોરી ચીલ ઝડપ સહિત તસ્કરોને જાણે ભગવાનનો પણ ડર ન હોય તેમ મંદિરને પણ છોડતા નથી ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામમાં આવેલ બલાડ માતાના મંદિરમાં ત્રણ અજાણ્યા તસ્કરો ત્રાટકી મંદિરમાં રહેલ દાન પેટીઓ માંથી ૨૫ હજારથી વધુ ની ચોરી કરી નાસી જતા મુકેશભાઈ રૂડાભાઈ ગુજજરે ગીર ગઢડા પોલીસ મથકે ફરિયાદનોંધાવતા પોલીસે મંદિરમાં લગાવેલ સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી હતી ત્યારે ગામડાઓમાં પોલીસ પેટ્રોલિંગના અભાવે તસ્કરોને મોકળું મેદાન મળ્યું હોય સમયાંતરે ગામડાઓમાં પોલીસ રાત્રી પેટ્રોલિંગ કરે તેવી ગામ લોકોમાં માંગ થઈ રહી છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### અવસાન નોંધ

**સાવરકુંડલાઃ** લીલીબેન નનુભાઈ વાડદોરીયા (ઉ.વ. ૯૦) જે ચંદુભાઈ નનુભાઈ વાડદોરીયા અને ઉત્તમભાઈ નનુભાઈ વાડદોરીયાનાં માતુશ્રી તા. ૧૩/૫/૨૩ને શનિવારનાં રોજ અક્ષરાસ પામ્યા છે. સદ્ગતની દશા વિધી ૨૨/૫/૨૩ને સોમવારે અને ઉત્તરક્રિયા(પાણીઢોળ) તા. ૨૩/૫/૨૩નાં રોજ લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ખાતે રાખવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીની ભાગોળે અધુરા રિંગરોડનું**

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમરેલી શહેરની ભાગોળે ધારી માર્ગથી વરસડા માર્ગ સુધીનો બાયપાસ ૩૦ વર્ષ પહેલા પૂર્ણ થયા બાદ પાંચ વર્ષ પહેલા વરસડા માર્ગથી નાના માચીયાળા સુધીનો માર્ગ પૂર્ણ થયો પરંતુ નાના માચીયાળાથી વાયા કુંકાવાવ માર્ગ થઈને ધારી માર્ગને સ્પર્શ કરતો બાયપાસ માર્ગ હવે બનવાથી રાજકોટ, અમદાવાદની જેમ અમરેલીની ભાગોળ રિંગરોડ પૂર્ણ થવાથી શહેરમાં ભારે વાહનોની અવરજવર બંધ થશે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં રોયલ પેરેડાઈઝ બિલ્ડીંગનું**

નજર મંડાયેલી છે.

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં ગેરકાયદેસર રીતે મહાકાય બિલ્ડીંગ બનીને તૈયાર થયું ત્યાં સુધી પાલિકાનાં શાસકો ઊંઘતા રહૃા ને બાદમાં જાગૃત નાગરિક રાજેશભાઈ મહેતા છેલ્લા ૨ વર્ષથી આધાર–પુરાવા સાથે જવાબદાર તંત્રમાં રજૂઆત કરતાં હોય અંતે પાલિકાનાં શાસકોએ હવે આળશ ખંખેરીને બિલ્ડરને ૧૯ મે સુધીમાં ગેરકાયદેસર બાંધકામ હટાવી લેવા નોટિસ પાઠવી હોય હવે ગેરકાયદેસર બાંધકામ દૂર થાય છે કે પછી કોઈ લાજ–શરમ–રાજકીયવગ કામ કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

### ઉચ્ચ અધિકારીનાં આગમનથી દોડધામ

## ઉના એસ.ટી. ડેપોમાં વિભાગીય નિયામક સહિતનાં અધિકારીઓ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ

### મેનેજર, ડ્રાઈવર, સ્ટાફ સહિતનાઓને જરૂરી સુચનાઓ અપાઈ

ઉના, તા. ૧૭

ઉનાના એસટી ડેપોમાં એસટી વિભાગના નિયામક પી.પી. ધામા, વિભાગીય યાંત્રિક ઈજનેર એચ.એન. દવે, આંકડા અધિકારી અપારનાથી, વહીવટી અધિકારી અને કામદાર અધિકારી એસ.એમ અંસારી સહિતનાઓ દ્વારા એસ.ટી. બસ સ્ટેશનમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

એસટી વિભાગના નિયામક સહિતનાઓ દ્વારા ઉના એસટી બસ સ્ટેશનમાં આવેલ કેન્ટીન, આરામ ગૃહ, ડીઝલ પંપમાં તપાસ કરવામાં આવી હતી જેમાં એસ.ટી. બસ સ્ટેશન આરામ ગૃહના રૂમની બહારના ભાગે ધૂમ્રપાન કરેલ દિવાલો સાફ કરાવવી, આરામ ગૃહના પંખાઓ સાફ કરાવવા, ઉના એસ.ટી. બસ ડેપોની ૮ જેટલી મીની બસોમાં ડીઝલ ટાંકીના ઢાંકણાઓ ન હોવાથી વહેલી તકે નખાવવા, ડ્રાઈવરના કે.એમ.પી.એલ. કાર્ડ (બસમાં ભરાવેલ ડીઝલ એવરેજ) સહિતની તપાસ કરવામાં આવી હતી અને ઉના એસ.ટી. વિભાગના



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

અધિકારીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૩૯૭ |
| ૨ | શિંગ મોટી | ૧૧૩૦ | ૧૪૪૫ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૧૮૨૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૮૧૧ |
| ૫ | તલ સફેદ | ૧૭૪૦ | ૨૯૩૦ |
| ૬ | તલ કાળા | ૧૯૨૦ | ૨૮૪૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૨૯૧૮ |
| ૮ | બાજરો | ૩૪૦ | ૪૭૦ |
| ૯ | જુવાર | ૩૦૦ | ૯૨૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૭૬ | ૬૨૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૬૦ | ૪૭૧ |
| ૧૨ | મગ | ૧૬૦૮ | ૧૭૬૨ |
| ૧૩ | ચણા | ૬૭૧ | ૯૫૮ |
| ૧૪ | ચણા દેશી | ૮૦૦ | ૧૦૬૮ |
| ૧૫ | તુવેર | ૧૪૬૦ | ૧૫૩૦ |
| ૧૬ | કપાસ | ૧૦૨૫ | ૧૫૩૫ |
| ૧૭ | એરંડા | ૮૦૦ | ૧૧૪૨ |
| ૧૮ | જીરૂ | ૪૫૦૦ | ૮૬૨૫ |
| ૧૯ | રાયડો | ૭૪૦ | ૮૭૦ |
| ૨૦ | રાય | ૭૫૦ | ૯૫૦ |
| ૨૧ | ધાણા | ૯૫૦ | ૧૩૮૮ |
| ૨૨ | ધાણી | ૧૦૪૦ | ૧૩૯૨ |
| ૨૩ | અજમા | ૧૦૯૦ | ૨૮૩૦ |
| ૨૪ | મેથી | ૮૫૦ | ૧૨૦૦ |
| ૨૫ | સોયાબીન | ૭૯૦ | ૯૭૬ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૫૯ | ૧૫૧૦ |
| ૨ | ચણા | ૯૨૫ | ૯૫૦ |
| ૩ | જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| ૪ | તલ | ૨૬૫૧ | ૨૭૫૦ |
| ૫ | મગ | ૧૫૧૧ | ૧૫૧૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૧૩૦ | ૧૫૯૮ |
| ૨ | શીંગ જીણી | ૧૦૬૧ | ૧૪૦૧ |
| ૩ | શીંગ મોટી | ૧૧૬૫ | ૧૪૫૫ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૮૫ |
| ૫ | તલ કાળા | ૨૨૫૦ | ૨૮૨૫ |
| ૬ | જીરૂ | ૮૦૦૦ | ૮૭૦૦ |
| ૭ | કપાસ | ૧૩૫૧ | ૧૫૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૮ | ૫૦૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૦૦ |
| ૧૦ | બાજરો | ૩૩૫ | ૪૫૧ |
| ૧૧ | જુવાર | ૫૭૦ | ૮૦૦ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૮૩૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૯૬૩ |
| ૧૫ | તુવેર | ૧૪૦૦ | ૧૭૨૦ |
| ૧૬ | એરંડી | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ૧૭ | મેથી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૧૮ | રાય/રાયડો | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૯ | ધાણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૨૦ | સોયાબીન | ૯૦૦ | ૯૫૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૫૧ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૩૦ |
| ૩ | જીરૂ | ૪૫૦૦ | ૮૩૫૦ |
| ૪ | ચણા | ૮૫૦ | ૯૧૦ |
| ૫ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૭૧૫ |
| ૬ | ધાણા | ૯૧૧ | ૧૨૨૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૨ |
| ૨ | ધાણા | ૧૦૦૧ | ૧૧૯૯ |
| ૩ | ચણા | ૬૨૦ | ૯૪૭ |
| ૪ | ઘઉં લોકવન | ૩૯૧ | ૪૪૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૩ | ૪૩૮ |
| ૬ | તુવેર | ૧૩૦૦ | ૧૪૨૦ |
| ૭ | સોયાબીન | ૯૩૦ | ૯૭૬ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૯૫ | ૧૭૨૦ |
| ૯ | મગફળી | ૧૨૫૦ | ૧૩૯૫ |
| ૧૦ | શીંગ દાણા | ૧૯૯૦ | ૨૦૨૫ |
| ૧૧ | એરંડા | ૧૦૫૦ | ૧૦૫૦૦ |
| ૧૨ | સફેદ તલ | ૨૫૭૫ | ૨૬૬૧ |
| ૧૩ | રાય | ૯૨૦ | ૯૨૦ |
| ૧૪ | કાળા તલ | ૨૬૫૦ | ૨૬૫૦ |
| ૧૫ | જુવાર | ૫૨૦ | ૬૬૫ |
| ૧૬ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૭ | લસણ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૮ | ડુંગળી | ૭૩ | ૭૩ |
| ૧૯ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૨૦ | સફેદ ચણા | ૯૮૫ | ૯૮૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૭૮ | ૧૪૭૮ |
| ૨ | મગફળી | ૧૧૬૦ | ૧૩૫૦ |
| ૩ | ઘઉં | ૪૧૦ | ૪૨૧ |
| ૪ | ચણા | ૭૫૦ | ૯૩૧ |
| ૫ | તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| ૭ | મગ | ૧૬૦૫ | ૧૬૧૫ |
| ૮ | તલ સફેદ | ૨૪૬૦ | ૨૭૫૧ |
| ૯ | એરંડા | ૧૦૫૧ | ૧૧૫૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૪૩૫ | ૧૫૦૦ |
| ૧૧ | મેથી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| ૧૨ | બાજરો | ૪૭૧ | ૪૭૧ |
| ૧૩ | છોલે ચણા | ૧૩૬૫ | ૧૩૬૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૪૫૦ | ૪૯૭ |
| ૨ | જુવાર | ૫૭૫ | ૯૪૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૩૦ |
| ૪ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૫ | મગ | ૧૫૦૦ | ૧૬૮૦ |
| ૬ | અડદ | ૯૦૦ | ૯૦૦ |
| ૭ | તુવેર | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૮ | ચણા | ૪૦૦ | ૮૬૦ |
| ૯ | સોયાબીન | ૯૭૦ | ૯૭૫ |
| ૧૦ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | શીંગ | ૧૦૦૦ | ૧૪૭૫ |
| ૧૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૭૫ |
| ૧૩ | તલ કાળા | ૨૩૦૦ | ૨૮૫૧ |
| ૧૪ | ધાણા | ૬૦૦ | ૮૦૦ |
| ૧૫ | કપાસ | ૧૨૦૦ | ૧૫૨૫ |

### ધારાસભ્ય જે. વી. કાકડીયાએ દરમિયાનગીરી કરી

# હાશકારો : ચલાલા પાલિકાનાં કર્મચારીઓની ૨૪ દિવસથી ચાલતી હડતાલનો અંત આવ્યો




ચલાલા, તા. ૧૭

ચલાલામાં સફાઈકામદારો નગરપાલિકા તંત્ર સામે પોતાનાં પ્રશ્નને લઈને છેલ્લા ૨૪ દિવસથી પોતાના કામથી હડતાલ પર ઉતરી ગયા હતા. સફાઈ કામદારો ગયા હતા. સફાઈકામદારોની હડતાલથી શહેરમાં ચારકોર ગંદકીના ગંજ લાગી ગયા હતા. અનેક રજુઆતો જીલ્લા તંત્રથી લઈ રાજકીય આગેવાનો અને ગાંધીનગર સુધી કરવામાં આવી છતાં કોઈ પરિણામ આવ્યું નહી. શહેરીજનો ત્રાસ્ત ભોગવી ત્યારે સફાઈ કામદારનાં અશોકભાઈ વાઘેલાએ જણાવ્યા મુજબ ગઈ કાલે રાત્રીનાં ધારાસભ્યના કાર્યાલયે અમોને બોલાવેલ હતા. ત્યા ધારાસભ્ય જે.વી. કાકડીયાએ અમોને જણાવેલ કે પવિત્ર દાન મહારાજની ભુમીમાં નિષ્ઠા અને ગરિમા પુર્વક બધાએ કામ કરવું જોઈએ. આવી સુંદર વાત સમજાવીને ગામહિત સર્વોપરી સમજીને પોત પોતાનાં કામો નિષ્ઠાપુર્વક કરવા જોઈએ. આ વાતમાં અમો બધાએ સહમતી દાખવી અમો બધા અમારી હડતાલને પુર્ણ કરી બધા આજ સવારથી કામે લાગી ગયા છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે અમારી જે માંગણી હતી તેમાં જુદા જુદા વિભાગનાં ૧૪ કર્મચારીઓને ચિફ ઓફિસરે કોઈ વાંક ગુન્હા વગર ફરજ મુકત કરવામાં આવેલ છે. તેને પરત લેવાનાં પ્રશ્નને બાદ કરી બાકીનાં બધા જ પ્રશ્નોનું નિરાકરણ થઈ જશે. તેવી ધારાસભ્યએ મૌખીક ખાતરી આવેલ છે.

ચલાલામાં હજુ નગરપાલિકાના જુદા જુદા વિભાગના ૧૪ રોજમદાર કર્મચારીને ફરજ મુકત કરાયા છે. તેના સમંથનમાં પાણી પુરવઠા વિભાગનાં ૮ અને અન્ય ત્રણ કર્મચારી હડતાલ પર હોય જેથી હજુ ૨૫ રોજમદાર કર્મચારીઓનો પ્રશ્ન અધ્ધરતાલ હોય ગ્રામજનોની માંગણી છે. વહેલીતકે તેઓનાં પ્રશ્નનો નીવાડો લાવે અને શહેરની તમામ પ્રાથમિક સુવીધા મળતી થઈ જાય. ધારાસભ્ય જે.વી.કાકડીયાએ શહેરીજનોએ ૨૪ દીવસની યાતના ભોગવ્યા બાદ આખરે મધ્યસ્થી બની સફાઈ હડતાલને પુર્ણ બનાવી સફાઈ કામગીરી ચાલુ કરાવી તે બદલ શહેરીજનોએ ખુશીની લાગણી વ્યકત કરી ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો. નગરપાલિકા તંત્ર દ્વારા નિવીદા આપી સફાઈનો કોન્ટ્રાકટ આપી દેવાનો હતો. તે વાતનું સુરસુરીયું થયેલ છે. અને ફરી સફાઈકામદારોને જ પરત કામે લગાવ્યા છે.

# અમરેલી : શીતલ કુલ પ્રોડકટનાં ઓપરેશન હેડ હાર્દિક ભુવાનો આજે જન્મદિન



અમરેલી, તા. ૧૭

શીતલ કુલ પ્રોડકટ લિમિટેડના ઓપરેશન હેડ અમરેલીનાં યુથ આઈકોન, સ્નેહી મિત્રોનાં હૃદય સમ્રાટ આજે ૨૯ વર્ષ પૂર્ણ કરી ૩૦માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેઓ નિરોગી, નિરામય દીર્ઘાયુ ભોગવે અને શીતલ કંપનીને સર્વોત્તમ શિખર સુધી પહોંચાડે તેવી હાર્દિક શુભકામના સહ જન્મદિવસનાં અભિનંદન....

# લાઠી તાલુકા પેન્શનર સમાજની ૩૦મી વાર્ષિક સાધારણ સભા મળી



લાઠી, તા. ૧૭

લાઠી તાલુકા પેન્શનર સમાજની ૩૦ મી વાર્ષિક સાધારણ સભા રાજુભાઈ મહેતાની અધ્યક્ષતા મળી અતિથિ વિશેષ ગુજરાત રાજયના નિવૃત કર્મચારી મહામંડળ વડોદરાના પ્રમુખ શ્રી નિર્મળસિંહ રાણા સાહેબ તથા અમરેલી જિલ્લા તિજોરી અધિકારી ખાચર એવમ એસબીઆઈ બ્રાન્ચ મેનેજર લાઠી સહિત લીલીયા પેન્શનર સમાજ પ્રમુખ ભરતભાઈ ત્રિવેદી, હરિભાઈ ધોરજીયા, પાઠકભાઈની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટયથી કરવામાં આવેલ.

સમૂહ પ્રાર્થના અને સ્વાગત પ્રવચન લાઠી તાલુકા પેન્શનર સમાજના પ્રમુખ જે.એન. ભાલાળા દ્વારા કરાયેલ સમગ્ર પેન્શનર સમાજ લાઠીની એકતા અને સામાજિક સંવાદિતા અને પેન્શનર પરિવારના સભ્યઓ નિવૃત્તિ પછી પણ સામાજિક સેવા પ્રદાન અને નવોદિત કર્મચારીઓ માટે રાહબર બની રહ્યા છે તે સૌથી મોટી ખુશીની વાત છે. લાઠી તાલુકા પેન્શનર સમાજની વાર્ષિક સાધારણ સભાની કામગીરી વિશે વિસ્તૃત માહિતીથી સર્વને અવગત કરાયેલ દિવંગત વ્યકિતઓના આત્માઓને પુષ્પાજંલી અર્પી હતી. પેન્શનર પરિવારમાં ૭૦ વર્ષ પૂર્ણ કરનાર સભ્યોનું પુષ્પગુચ્છ, શાલથી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સને ૨૦૨૨/૨૩ના વર્ષના વાર્ષિક આવક જાવક હિસાબો બી.જી. રાણવા દ્વારા રજૂ કરાયેલ. પ્રાસંગિક પ્રવચન જિલ્લા તિજોરી અધિકારી ખાચર, નિર્મળ સિંહ રાણા, એસ.બી.આઈ. લાઠી બ્રાન્ચ મેનેજર એમ. પી. રામાણી, લાઠી બી. એલ. ડેર, સંબધિત વિભાગની ખુબ જ ઉપયોગી માર્ગદર્શન આપેલ તેમજ પેન્શનર સમાજ ના પ્રશ્રે જી આર નંબર તારીખ સાથે વિસ્તૃત છણાવટ સાથે સર્વને અવગત કરાયા હતા.

આ કાર્યક્રમમાં ભોજનના દાતા મહેશભાઈ એન. જોશી પરિવારની ઉદારતાની સરાહના સાથે કાર્યક્રમમાં બી એલ ડેર, બી જી અગ્રાવત, એમ ડી તલસાણીયા, વી ડી ભટ્ટ, એડવોકેટ આર.સી. દવે, બાદલભાઈ ભટ્ટ, બી. એ. વનરા, વી. કે. ગોહિલ, સુરેશભાઈ પંડયા, વિનુભાઈ પનારા, એમ.પી. માંડાણી, બી.વી. મકવાણા, પી. બી. ભાદાણી, પી. આઈ. ત્રિવેદી, પી. બી. જોશી, બી. જી. રાણવા, ડી. એલ. સાવલિયા, એસ. આર. બેલીમ, સરોજબેન પંડયા, શારદાબેન ખેર, લતાબેન દવે, ભાવેશ પી. ગોહિલ, ગૌતમભાઈ મહેતાજી, લાઠી તાલુકા પેન્શનર સમાજના હોદેદારો, સદસ્યોની વિશાળ ઉપસ્થિતિમાં લાઠી તાલુકા પેન્શનર સમાજની ૩૦મી વાર્ષિક સાધારણ સભા મળી હતી.

### કાળઝાળ ગરમી વચ્ચે દે ધનાધન શરૂ

# બાબરા : દરેડ ગામે સમી સાંજે તોફાની પવન સાથે કમોસમી વરસાદ

### અર્ધા ઈંચ વરસાદથી ખેતરોમાં પાણી ફરી વળ્યાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

બાબરા તાલુકામાં બે ચાર દિવસ થી સતત કમોસમી વરસાદ પડતાં ઉનાળુ પાક નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે.

ત્યારે આજે સાંજે તાલુકાના દરેડ ગામે સમી સાંજે જોરદાર પવન સાથે અડધો ઈંચ વરસાદ પડતાં ખેતરોમાં પાણી નીકળી ગયા હતા અને તોફાની પવનના કારણે વૃક્ષની ડાળીઓ ધરાશાયી થઈ હતી જોકે આ વરસાદ માત્ર દરેડ ગામ પૂરતો સીમિત હતો. તાલુકાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં માત્ર તોફાની પવન ફૂંકાયો હતો પણ વરસાદ પડયો નહોતો હાલ સતત કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ઉનાળા પાકની ચિંતા સતાવી રહી છે.

### ઉના તાલુકાના વરશીંગપુર ગામના વતનીનો છૂટકારો

# જાફરાબાદ : ટીંબી ગામે પાકિસ્તાનની જેલમાંથી છૂટીને માચ્છીમાર પરત આવ્યા

### પરિવારજનો અને ગ્રામજનો દ્વારા સ્વાગત




તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૭

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે આજે રહુબભાઈ મુસાભાઈ મુસેત્રા માચ્છીમારી કરવા માટે ઓખા બંદર બોટ લઈ માચ્છીમારી કરવા જતાં ત્યાં દરીયામાં ગયા હોય તે દરમિયાન અચાનક જ પાકિસ્તાન મરીન દ્વારા તેઓની ધરપકડ કરાઈ હતી અને પાકિસ્તાન જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જયારે માછીમાર રહૂબભાઈ મુસાભાઈ મુસેત્રા સહિતના માછીમારોને પાકિસ્તાન જેલમાં સાડા ત્રણ વર્ષ પૂર્ણ થયા હતા અને તેને વતન પરત આવતા પરિવાર અને સમાજના આગેવાનો દ્વારા તેનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આગેવાનો અને પરિવારજનોની હાજર રહ્યા હતા.

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને દિલીપ સંઘાણીનાં જન્મદિને માતબર રકમનું અનુદાન મળ્યું



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાનાં ખેડૂત પુત્ર, પૂર્વ કેબિનેટ મંત્રી દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં જન્મ દિવસની ઉજવણીને અમરેલી જિલ્લા બેંક સ્ટાફ પરિવાર તરફથી યાદગાર બનાવવાનો નવતર અભિગમ સમાજ માટે પ્રેરણારૂપ નિવડયો છે.

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને અમર ડેરી પરિવાર તરફથી દિલીપભાઈ સંઘાણીનાં જન્મદિવસે સામાજિક સંસ્થા મહિલા વિકાસ ગૃહ અને પૂર્વાંધજીવનના આશરા સમાન સારહિ તપોવન આશ્રમનાં સેવાકાર્યોમાં રૂા. ૧૧,૫૦,૦૦૦/– થી પણ વધુ રકમ બન્ને સંસ્થાઓને અર્પણ કરવામાં આવી છે. જેમાં રૂા. ૨,૧૧,૦૦૦/– બેંક ડિરેકટર જીવાજીભાઈ રાઠોડ, રૂા. ૨૧,૦૦૦/– ડિરેકટર બાબુભાઈ સખવાળા, રૂા.૧૧,૦૦૦/– યોગેશભાઈ બારૈયા, રૂા. ૧૧,૦૦૦/– જનરલ મેનેજર બી.એસ.કોઠીયા, રૂા.૧૧,૦૦૦/– એ.એમ. ભુતૈયા, રૂા. ૧૧,૦૦૦/– કે.પી. તલાટી, રૂા.૧૧,૦૦૦/– ડી.કે. તળાવીયા, રૂા. ૧૧,૦૦૦/– જિલ્લા ખરીદ વેંચાણ સંઘ, રૂા.૧૧,૦૦૦/– લીલીયા મોટા ક્રેડિટ કો.–ઓપ. સોસા.લી. તરફથી મળેલ છે. દિલીપભાઈ સંઘાણીનાં જન્મ દિવસને એક અલગ સામાજિક રીતભાતથી ઉજવવાની પહેલ સામાજિક પ્રેરણારૂપ બની જતા સંઘાણીનાં સેવાનાં ઉદ્દેશને સહકાર પરિવારે ચરિતાર્થ કર્યાનું જાણવા મળેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, દિલીપ સંઘાણીએ પોતાના જન્મ દિવસે મહિલા વિકાસ ગૃહની નિરાધાર બાળાઓ સાથે પંગતમાં બેસીને ભોજન લીધેલ, શુભેચ્છા ભેટ પણ સામાજિક સંસ્થાઓને અર્પણ કરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મદદથી ફી ભરાશે

# વડિયામાં આર્થિક નબળા બાળકોની શિક્ષણ ફી ગ્રામ પંચાયત ભરશે

### ગરીબ બાળકોના શિક્ષણ બાબતે અનોખી પહેલ કરતી ગ્રામ પંચાયત

વડિયા, તા.૧૭

સમગ્ર રાજયમાં વેકેશન સમયમાં પરિણામ આવતાની સાથે ઉપલા ધોરણમાં પ્રવેશ આપવાની પ્રકિયા શરૂ કરવામાં આવે છે. વડીયામાં આવેલી ગ્રામ પંચાયત સંચાલિત સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલમાં ધોરણ ૯, ૧૦, ૧૧, ૧૨નું આર્ટસ અને કોમર્સનું શિક્ષણ આપવામાં આવે છે. સમગ્ર જિલ્લામાં આવેલી ગ્રાન્ટેડ શાળાઓમા ઉચ્ચ લાયકાત વાળા પુરતા શિક્ષકો ધરાવતી આ શાળામાં અદ્યતન બિલ્ડીંગ, સ્માર્ટક્લાસ, કમ્પ્યુટર લેબ અને રમત ગમતના મેદાન સહિતની સુવિધાઓ ધરાવતી આ હાઈસ્કૂલમાં તેના સંચાલક મંડળ એવા વડીયા ગ્રામ પંચાયતના સરપંચ મનીષ ઢોલરીયાએ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને મિત્ર મંડળ ના સહયોગથી શાળામાં પ્રવેશ લેતા આર્થિક નબળા પરિવારના બાળકોની ફી ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ત્યારે નબળા પરિવારના બાળકોના શિક્ષણ બાબતે હાલ વડીયા સરપંચે જાગૃતતા દાખવી મદદરૂપ થવાની અનોખી પહેલ કરી છે. જયારે આ અંગે કોઈ પણ ગરીબ વિદ્યાર્થીઓને ફી ભરવા અંગે વડિયા ગ્રામપંચાયત સરપંચ મનિષભાઈ ઢોલરીયાનો સંપર્ક કરવો.

# અમરેલી : શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ ખાતે વિશ્વ નર્સિંગ ડે ની ઉજવણી








વિશ્વ નર્સિંગ ડે નિમિતે શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલી દ્વારા ઓડીટોરીયમ હોલ ખાતે ભવ્યથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટના પ્રમુખ માનનીય વડીલ વસંતભાઈ ગજેરા દ્વારા કાર્યક્રમની સફળતા શુભેચ્છા સહ, આનંદ સભર ઉજવણી માટે શુભકામના, સહકાર અને અભિનંદન પાઠવવામાં આવેલ. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ, ફેશન–શો, પરંપરાગત ગરબા અને જુદા જુદા નર્સીસ સ્ટાફ દ્વારા કાર્યક્રમને અનુરૂપ જુદી જુદી કૃતિઓ રજુ કરવામાં આવેલ હતી. ફલોરેન્સ નાઈટીંગલ યાદ કરી તેમના જેવા ઉમદા કાર્યો નર્સીસ દ્વારા થાય અને દર્દીઓને નર્સિંગ કેર થકી આરોગ્યમાં સુધારો થાય અને વધુમાં વધુ લોકોને કેમ ઉપયોગી થવાય તે માટે દર્દી નારાયણની સેવા કરવા ઉપર વધુ ભાર મુકવામાં આવેલ હતો. આ પ્રસંગે નર્સીસ સ્ટાફ દ્વારા બ્લડ ડોનેશન કરી અને જરૂરિયાતમંદને લાભ આપવા વિશિષ્ટ સેવાકીય કામગીરી કરેલ. આ ઉજવણીમાં સુપ્રિટેન્ડેન્ટ ડો. આર.એમ. જીતીયા, ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા, અતુલભાઈ પડસાલા, દેવેન્દ્રભાઈ જૈન ઉગજ, ડો. શોભનાબેન મહેતા તેમજ નર્સીસ સ્ટાફ અને ડોકટર્સ સ્ટાફે ઉજવણીમાં બહોળી સંખ્યામાં હાજરી આપેલ હતી અને શાલ ઓઢાડી સન્માન કરેલ હતું. શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી સંસ્થા દ્વારા સારી કામગીરી કરનાર નર્સીસને પ્રશસ્તિ પત્ર આપવામાં આવેલ હતું.

## છેલ્લા ૩૦ વર્ષમાં જે કાર્ય પુર્ણ ન થયું તે હવે આગામી મહિનાઓમાં થશે પુર્ણ

# આનંદો : અમરેલીની ભાગોળે અધુરા રિંગરોડનું કામ પુર્ણ થશે

**ધારી રોડ પર આવેલ રાધેશ્યામ હોટેલથી કુંકાવાવ રોડ, નાના આંકડીયા થઈને નાના માચીયાળા સુધી બાયપાસ માર્ગ પુર્ણ થશે**

**અમરેલી શહેરની ફરતે રિંગરોડ બની જવાથી ભારે વાહનોની અવરજવર શહેરમાં બંધ થશે**

**રાજકોટ, અમદાવાદ જેવા મહાનગરોની જેમ અમરેલી શહેરની ફરતે રિંગરોડ બની જશે તે નક્કી**

**યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆતથી રૂપિયા ૩૦ કરોડ થયા મંજૂર**




અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરની છેલ્લા ૩૦ વર્ષની માંગ પૂર્ણ થવાની ઘડી આવી પહોંચી છે. શહેરની ભાગોળેથી પસાર થતાં બાયપાસ માર્ગનું રાધેશ્યામ ચોકડીથી કુંકાવાવ રોડ થઈને નાના આંકડીયા વાયા નાના માચીયાળા સુધીનાં બાયપાસ માર્ગનું અધુરૂ કાર્ય પૂર્ણ કરવા માટે રાજય સરકારે રૂપિયા ૩૦ કરોડ મંજૂર કર્યા હોવાનું જાણવા મળેલ છે.

અમરેલીનાં યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ "અમરેલી એકસપ્રેસ" સાથેની મોબાઈલ વાતચીતમાં જણાવેલ છે કે, અમરેલીનાં ધારી રોડ પર આવેલ રાધેશ્યામ ચોકડીથી કુંકાવાવ માર્ગ અને નાના આંકડીયા થઈને નાના માચીયાળા સુધીનાં અધુરા બાયપાસ માર્ગને પૂર્ણ કરવા માટે રાજય સરકારે રૂપિયા ૩૦ કરોડ મંજૂર કર્યા છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### જાફરાબાદ નજીક આવેલ

## ટીંબી ગામે દીવાલ ચણતા યુવકનું અકસ્માતે પડી જતા ગંભીર ઇજાથી મોત

**બેલુ દીવાલ ઉપર મુકતા હતા ત્યારે પડી ગયા**

અમરેલી, તા. ૧૭

ગીર સોમનાથ જિલ્લાના મોટા ડેસર ગામે રહેતા ગોવિંદભાઈ ધીરૂભાઈ પરમાર નામના ૩૨ વર્ષિય યુવક તા. ૧૬ના રોજ બપોરે જાફરાબાદ તાલુકના ટીંબી ગામે ચણતર કામની મજુરી કામ કરતા હોય ત્યારે ચણતર કામ કરતા બેલુ દીવાલ ઉપર મુકવા જતા અકસ્માતે તેઓ નીચે પડી જતા તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજયાનું નાગેશ્રી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

## ઓળીયા ગામે ઘરકામ કરતાં વૃધ્ધાને ઝેરી જીવજંતુ કરડી જતાં મોત

**જમણા હાથનાં પોંચા ઉપર દંશ માર્યો હતો**

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલા તાલુકાનાં ઓળીયા ગામે રહેતાં અને ઘરકામ કરતાં મીણબાઈબેન કાથડભાઈ માંજરીયા નામના ૭૦ વર્ષિય વૃધ્ધા તા. ૧૬નાં રાત્રે પોતાના ઘરે કામ કરતાં હતા ત્યારે કોઈ ઝેરી જીવજંતુ તેમના જમણા હાથનાં પોંચા ઉપર કરડી જતાં તેમને સારવાર માટે દવાખાને ખસેડાતાં તેમનું મૃત્યું નિપજયું હતું.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૬૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એક દિવસ અચાનક બધું મુકીને ચાલ્યા જવું પડશે, તો જરૂર કરતાં વધારે શા માટે ભેગું કરવું?
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

સજળ નયને
શ્રધ્ધાસુમન અર્પણ
''ભૂલો ભલે બીજુ બધુ મા-બાપને ભૂલશો નહિં,
છે અગણિત ઉપકાર તેના તે કદી વિસરશો નહિં''
અમારા પિતાતુલ્ય ફૂલસુખ માસાને કોટી કોટી વંદન સહ પરમ કૃપાળુ સદાશીવ સોમનાથ મહાદેવ દિવંગત આત્માને નીજ કૈલાસમાં વાસ કરાવે તેવી સોમનાથ મહાદેવને પ્રાર્થના...
લી.
દીના મામા
રશ્મિ ફઇબા
મુ. અમરેલી, હાલ : રાજકોટ.



સ્વ. ફૂલસુખગીરી સવાઇગીરી ગૌસ્વામી
(ઉ.વ.૭૭)
સ્વ.તા. ૧૪/૦૫/૨૦૨૩
રવિવાર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)